નવાં બંધાયેલા બિલ્ડિંગમાં રેડી ફ્લેટ 1,2,3 BHK વેચાણથી મળશે
1,2,3 & 4 BHK ભાડેથી મળશે
બુકિંગમાં 2 BHK અને 3 BHK સારા એરિયામાં મળશે
તિરૂમાલા હેબીટેટસ, રૂનવાલ એન્થુરીયમ, દેવીદયાલ રોડ, સર્વોદય નગર, તાંબેનગર 2 અને 3 BHK મળશે
ઓબેરોયમાં 3 અને 4 BHK વેચાણથી તેમજ ભાડેથી મળશે
Deepak Kesaria
9707 777 771

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com

વર્ષ : ૨૭ ● અંક : ૧૧ ● સળંગ અંક : ૧૩૨૭ ● મુંબઈ ● બુધવાર ● તા.૩ એપ્રિલ – ૯ એપ્રિલ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂા.૫.૦૦

EMBRACE
NEW VISION
WITH
CORNEA EXCELLENCE

Restoring Sight • Keratoconus • C3R • Corneal Transplant • DSEK • DMEK • Corneal Tatooing

Eyeheal, Complete Vision Care & APT Diabetes Clinic
Near Jain Mandir, Sarvoday Nagar,
Mulund(W), Mumbai 400080.
For Prior Appintments, Call: 90822 93425
Cantact: 84337 38171 | 98202 88171
Email: eyeheal.apt@gmail.com

Eyeheal
Complete Vision Care

"Let Us Join Hands to Preserve Sight"

# જલસા ગ્રુપ

Jalsa Group

**In Association With :** Manav STUDIO BY KANTI GALA

---

સ્નેહીજનો,

આ સાથે જણાવતા સહર્ષ આનંદ થાય છે કે સાંસ્કૃતિક મનોરંજના રસીયાઓ માટે **જલસા ગ્રુપ** અને માનવ સ્ટુડીયો એન્ટરટેઇનમેન્ટ અને સાંસ્કૃતિક કાર્યક્રમનો રસથાળ લઇને મનોરંજનની દુનિયામાં પ્રવેશ કરી રહ્યું છે. આપ સર્વનો સહકાર અને સાથ આપણા ગ્રુપને મનોરંજનની દુનિયામાં અવ્વલ સ્થાને પહોચાડશે એવી અમારી આશા છે.

**ડીસેમ્બર – ૨૦૨૩થી શરૂ થતા નવા વર્ષમાં જલસા ગ્રુપ પોતાના કાર્યક્રમો રજુ કરશે, જે નીચે પ્રમાણે રહેશે. કુલ વર્ષનાં 15 પ્રોગ્રામ આપવામાં આવશે.**

## Kalidas Auditorium, Mulund (West)

## May 2024 to April 2025

**વર્ષ 2023–2024 માટે લવાજમ દર કપલ દીઠ**

| Row | Rate |
|---|---|
| A, B (Fix Seat) | 18000/- |
| C to G | 15000/- |
| H To K | 12000/- |
| L to O | 9000/- |

**વર્ષના 15 પ્રોગ્રામ**

નવા નાટકો,
નવા મુવી,
મ્યુઝીકલ નાઇટ,
31 ડીસેંબર નાઇટ
ધૂળેટી,
જેવા વૈવિધ્યસભર કાર્યક્રમો

**ટ્રાન્સફરેબલ**

**All Programs on Monday to Sunday, 9 pm Shows**

**FIX SEAT PROXY ALLOWED**

Kanti Gala (Manav) 93222 59510

Alpesh Shah 81819 79979

મેમ્બરશીપ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે તો વહેલામાં વહેલી તકે તમારી અને તમારા મિત્રો અને સગાવહાલાની મેમ્બરશીપ નોંધાવી લેશો, જેથી કરીને તમારી પસંદગીની સીટ મળી શકે.

ગ્રુપ બુકીંગ આવકાર્ય.

Please Make Cheque in Favour of “Jalsa Unlimited Entertainment” : G-Pay No. 9870390900


પોસ્ટ ખાતાની વિવિધ બચત તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે 9920014863

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

અન્નદાન – મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

વર્ષ : ૨૭ ● અંક : ૧૧ ● સળંગ અંક : ૧૩૨૭ ● મુંબઈ ● બુધવાર ● તા.૩ એપ્રિલ – ૯ એપ્રિલ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂા.૫.૦૦



# ગુર્જરમાત

The great thing about social media was how it gave a voice to voiceless people.





## ઓફિસ બોય જોઈએ છે

મુલુંડના પ્રતિષ્ઠિત ન્યુઝપેપર ખાતે ઓફિસ બોયની જરૂરત છે

ટુ-વ્હીલર અને સાઈકલ આવડતી હોય તેને પ્રથમ પસંદગી

**બાયોડેટા સાથે કાર્યાલય ખાતે મળો**

કાર્યાલય - મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર

બી-૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે).

**સંપર્ક : 9322257731**

**Email : gurjarmat@gmail.com**



## જ્યોતિષશાસ્ત્ર

૩૦ વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ શ્રી સમીર સેજપાલ દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.

**સમીર સેજપાલ**

(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોર્તિજ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)

મોબાઈલ : 98192 98404 (એપોઈમેન્ટ જરૂરી)


# ક્લાસિફાઈડ્સ

## જગ્યા સંબંધી

**COMMERCIAL PREMISES ON LEASE RENT**

2200 sq.ft. Carpet, Ground Floor, Wide Frontage (28 ft.), 24 Hours Water Supply with Self Contained, available for Rental on Lease.

-: Ideal for :-

Bank (with Strong Room), Restaurant, Classes, Super Market, Pathology Lab, Nursing Home.

Address : 1 & 2, Vasudha Building, B.P.S.Road, Mulund (West), Mumbai - 400 080.

**Call : 8097210000 / 8422970234**

## શૈક્ષણિક

**PrivateTuitions Since 2006**

Specialised in ICSE (Euro) CBSE (SMPR), State Board Syllabus (All Schools) Also conducting XI / XII^th^ commerce. Call : **8291269229** 6683 (1328)

**French Classes**

I help you to learn French Language to it's best. Online and offline classes, Weekend Classes too, Acedemic wise classes, Levels exams till A2, Audio visual sessions and oral practice, Library facility available to borrow books. Call : **9821116175** 1163 (1374)

## મહિલા માટે

**ઘરઘંટીનો ભવ્ય શોરૂમ**

૮ વર્ષની ગેરેંટી દરેક પ્રકારની ઘરઘંટી ISI-ISO Service તથા Spare Available **Bhavana Sales / Service** Shop No. 55, Lalan Bldg., P.K. Road, Opp.Manoranjan Showroom, Panch Rasta, Mulund (W). **25933413, 9820055816** 1090 (1370)

**બારેમાસ ભરવાલાયક મસાલા**

ખડેલા કાશ્મીરી મરચા, ખડેલા રેશમ પટ્ટી મરચા, ધાણા જીરૂ સુગંધી, જીરૂ, વરીયાળી, સુવા, ધાણાદાળ, તજ, લવંગ વગેરે વગેરે. સંપર્ક : **Ami Khona - 84240 22764, 96198 42764** 6283 (1328)

## જગ્યા સંબંધી

**શ્રી એસ્ટેટ એજેન્સી**

ઘર, મકાન, દુકાન, પ્લોટસ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **9324017291, 98700 56751** 002 (1327)

**તિથલમાં ફલેટ**

**વલસાડમાં ફલેટ વેચાણથી, દરિયાકિનારા સામે,**

**2 BHK બીજે માળે, કારપેટ 1320 Square Feet**

**9833880697**

વનબેડ વીથ માસ્ટર સ્ટીલ્ટ પાર્કીંગ ફર્નિશ્ડ ગેસ પાઈપ લીફ્ટ 98 લાખ/૨ બેડરૂમ અંદાજે 700 કારપેટ ફર્નિશ્ડ 159, 170 ૨ ફ્લેટ/અઢી બેડરૂમ 800 કારપેટ પાર્કીંગ 195/ 3 બેડ ફર્નિશ્ડ 935/325 તેમજ 875/285/ અને ૩ બેડ એલ.બી.એસ.રોડ 980/190 વન RK કન્વર્ટ ૧ બેડ 79 તેમજ ફાયદાથી ઘણુ બધું કમર્શિયલ લેવા આપવા ભાડે પણ બ્રોકરેજ વેચાણથી ૧% ભાડે મિનીમમ ૧ મહિનાની. **સંપર્ક : અતુલ કતીરા - 9821180931 8779441915** 066 (1329)


આ અખબારમાં પ્રગટ થતી કોઈપણ જા.ખ.ના આધારે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે ગુર્જરમાત કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે ગુર્જરમાતના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– વ્યવસ્થાપક


## ધંધાકીય

**કવર! કવર!! કવર!!!**

ટ્રોલી બેગ, ડાઈનીંગ ટેબલ, L.C.D. વોશીંગ મશીન, હોમ થીયેટર, ઓવન, કોમ્પ્યુટર, સાડી, ડસ્ટ પ્રોટેક્ટ કવર ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટમાં **સંપર્ક : ઈલાબેન પંડ્યા - 9224366624** 642 (1352)

એલ્યુમિનિયમ સ્લાઈડીંગ બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **સંપર્ક : ભરતભાઈ 09730402879, 79772 67990** 6660 (1365)

**જુના કપડા વેચાતા લેશું**

જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબીડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ - 9833237011** 1091 (1344)

**Banyan Tree Old Age Home**

મુલુંડમાં તમામ પ્રકારની સુવિધા સાથેનું ૯૦ બેડનું ઓલ્ડ એજ હોમ. પેરાલિસિસ, કેન્સર, વૃદ્ધોની સંભાળ, બેડ શોર, ડિમેન્શિયા, પોસ્ટ ઓપરેટીવ કેર. **સંપર્ક : 9223358602, 9820782425** 1165 (1334)

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**

૪૯ વર્ષથી ઓફીસ ઘર સામાન, કાર, હોમ ટુ હોમ. **9920955291, 98210 70320, 9821543816 લલીતભાઈ ઠક્કર** 001 (1327)

**વોશીંગ મશીન રીપેરીંગ**

શું આપનું વોશીંગ મશીન માઈક્રોવેવ ઓવન LCD, LED, T.V., બગડી ગયું છે? બોલાવો પ્રેમલ શાહને ઘરે આવીને રીપેર કરી આપશું. **પ્રેમલ શાહ : 9892020358** 916 (1365)

**Jainam Publicity**

પેપરોમાં મરણનોંધ, શ્રધ્ધાંજલિ આપવા દોડાદોડી કરશો નહિં, ફક્ત Whatsapp કરો. **9619160611, 9323804751** 1164 (1335)


Follow us on

/gurjarmat

Website : www.gurjarmat.com

**9322257731**


## ધંધાકીય

**RVS Pest Control**

Fast Relief From Termite, Bedbugs, Cockroaches, Rats, General Injection etc. With Full Guarantee. **90048 88384, 98333 31222** (1363)

**મુલુંડ વેસ્ટમાં જેન્ટસ વેરનું બમ્પર સેલ સેલ સેલ**

પ્લસ સાઈઝની કોટન પેન્ટની અઢળક વેરાયટીઓ જોવા ખાસ પધારો. હોલસેલ ભાવમાં રીટેલ જેન્ટસ વેરમાં બ્રાન્ડેડ ફેબ્રીકમાં કોટન પેન્ટ, હોઝીયરી ટ્રેક પેન્ટ, બર્મુડા, જીન્સ (28 to 50), શર્ટ, ટી-શર્ટ (M to 8 XL) સાઈઝમાં અનેક વેરાયટીઓ ઉપલબ્ધ. ઓફર શર્ટ રૂા.૩૦૦/-થી શરૂ. સિલેક્શન મેન્સ વેર, ગાલા નં.૫૪, રાજા ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, પી.કે. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. સમય ૧૦ થી ૭. સોમવાર બંધ. સંપર્ક : **દીપેન ભેદા- 9137501277** (1327)

## લગ્ન સંબંધી

**પૂજા મેરેજ બ્યુરો મેળાપથી હસ્તમેળાપ સુધી**

દિકરા-દિકરીઓ માટે સ્નેહ સંમેલન ફક્ત રૂા.૩૦૦ /- તા. ૨૮ એપ્રિલ ૨૦૨૪ ના રવિવારે સવારના : ૧૦.૦૦ થી ૨.૦૦ સ્થળ : મુલુંડ (વેસ્ટ). ફક્ત ૧૦૦ જ ઉમેદવાર લેવામાં આવશે. વહેલો તે પહેલો **શ્રી જયેશ જેઠવા - 88283 52585** 1227 (1376)

## નોકરી સંબંધી

**TRAINING**

You Begin To Win. Exclusive Personality Training in Mulund (West). **Abhijit Sir @ 9867489566** 6685 (1349)

**Full Time/Part Time Job**

Require Retired/VRS/ Housewives/Senior Citizen/Bankers/ Teachers / Age 35 - 75. Start second innings. Fix Salary + incentives. **7021964126** 1167 (1327)

**વેકેશન સ્પેશિયલ**

એક્ઝામ પૂરી થઈ એટલે બધાને બહાર ફરવા જવાનું જ હોય અને નવા કપડાં તો જોઈએ જ, તો બધી જ સાઈઝ એકજ જગ્યા એ જોવા પધારો. M to 10 XL કુર્તી હોય કે વેસ્ટર્ન, પેન્ટ હોય કે પ્લાઝો, ગાઉન, કુર્તી પેન્ટ સેટ બધા માં નવીન વેરાયટી.

HEMANGI : 9987897979

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

**જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ**

રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ધસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કંઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીઝનેબલ રેટની ગેરેન્ટી.

હેતલ શાહ
98210 59549

વર્ષ : ૨૭ ● અંક : ૧૧ ● સળંગ અંક : ૧૩૨૭ ● મુંબઈ ● બુધવાર ● તા.૩ એપ્રિલ – ૯ એપ્રિલ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂા.૫.૦૦



શ્રી શુભ || જય દરિયાલાલ || || જય જલારામ || શ્રી શુભ

# શ્રી કચ્છી લોહાણા મહાજન - મુલુંડ

## ચૈત્રી બીજ ધેગ મહોત્સવ



## શ્રી ઈષ્ટદેવતા દરિયાલાલ દાદા નું જન્મ જયંતિ મહોત્સવ

| | |
|---|---|
| શ્રી દરિયાલાલ દાદા નું પૂજન તથા નુતન ધ્વજારોહણ | સવારે ૯.૦૦ કલાકે |
| આરતી | સવારે ૧૦.૦૦ કલાકે |
| દર્શન તથા દડિયા પ્રસાદ | સવારે ૧૦.૦૦ થી રાત્રે ૧૦.૦૦ |

**મહાજન વાડી, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ)**
**બુધવાર, તા. ૧૦ એપ્રિલ ૨૦૨૪**

**સમુહ આરતી**
સાંજે ૬.૩૦ કલાકે

**ભજન સંધ્યા**
ભક્તિબેન આસાની તથા સાથી કલાકારો
સાંજે ૭.૦૦ થી રાત્રે ૧૦.૦૦

**મહાપ્રસાદ**
સાંજે ૭.૦૦ થી રાત્રે ૧૧.૦૦

**સ્થળ: રિચર્ડસન એન્ડ ક્રુડાસ ગ્રાઉંડ, એલ.બી.એસ રોડ, મુલુંડ (વેસ્ટ)**

- મહાપ્રસાદ સૌજન્ય -

સ્વ. નિર્મલાબેન પરસોત્તમભાઈ ગણાત્રા
હસ્તે. સરોજબેન મહેશ ગણાત્રા અને દક્ષાબેન જયેશભાઈ ગણાત્રા (મુલુંડ)
સ્વ. કાનજી મોતીરામ તન્ના પરિવાર (ઘાટકોપર)
સ્વ. શાંતાબેન જમનાદાસ અનમ (મુલુંડ)
હસ્તે :- હરેન જમનાદાસ અનમ અને રાજેશ જમનાદાસ અનમ

**આ મહોત્સવમાં આપ સહુ જ્ઞાતિજનો, કુટુંબીજનો અને ભક્તજનોને હાર્દિક નિમંત્રણ છે**

લાઇવ પ્રસારણ - HOME CABLE હોમ કેબલ અને જીટીપીએલ ચેનલ નબર ૯૮૫

**નિમંત્રક: શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ ટ્રસ્ટી ગણ**

PRIME PEST CONTROL
BMC Approved
Pest Control &
Also Services For
Mosquito & Bird Netting
TO BOOK YOUR SERVICE
80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.

ગુર્જરમાત
/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Prime Location Devidayal
Sold Out
2 BHK 600 cpt @ 1.40 cr.
2 BHK 715 cpt @ 1.70 cr.
3 BHK 960 cpt @ 2.40 cr.
RTMI, નવું બિલ્ડિંગ,
રેડી પઝેશન, દલાલ આવકાર્ય.
9022687343
8779280336

વર્ષ : ૨૭ ● અંક : ૧૧ ● સળંગ અંક : ૧૩૨૭ ● મુંબઈ ● બુધવાર ● તા.૩ એપ્રિલ - ૯ એપ્રિલ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂા.૫.૦૦

# ઈશાન્ય મુંબઈ ક્ષેત્રના ચૂંટણી અખાડામાં બે મુખ્ય હરીફ વચ્ચે જંગ

ઈશાન્ય મુંબઈ લોકસભા બેઠક ક્ષેત્ર મુલુંડથી માનખુર્દ ગોવંડી વિસ્તાર સુધી હાઈરાઈડ સોસાયટી સાથોસાથ ચાલી સીસ્ટમ જૂની બિલ્ડીંગો અને ઝૂંપડપટ્ટી વિસ્તારો સાથેનો ક્ષેત્ર છે. મુલુંડ-ઘાટકોપરમાં ગુજરાતી ભાષીઓનું બાહૂલ્ય છે તો ભાંડુપ, વિક્રોલી, માનખુર્દ, વિદ્યાવિહાર, ગોવંડીમાં મરાઠી સાથોસાથ મુસ્લિમ લોકોનો વસવાટ ધરાવે છે. આ લોકસભા ક્ષેત્રમાં ૬ વિધાનસભા બેઠકો છે જેમાં મુલુંડ, ઘાટકોપર (વે), ઘાટકોપર (ઈ) બીજેપી પાસે છે. વિક્રોલી અને ભાંડુપ (વે) શિવસેના ઉદ્ધવ ઠાકરે પાસે જયારે માનખુર્દ શિવાજીનગર બેઠક સમાજવાદી પાર્ટીની પાસે છે જેના વિધાનસભ્યો મિહિર કોટેચા રામ કદમ, પરાગ શાહ, સુનિલ રાઉત, રમેશ કોરગાંવકર અને અબુ આઝમી છે.

આ બેઠકનું પ્રતિનિધિત્વ કર્યુ છે



મિહિર કોટેચા



સંજય પાટીલ

૧૯૬૨માં વિ.કે.ક્રિષ્નમેનન, ૧૯૬૭ માં કોંગ્રેસના એસ.જી. બર્વે, તારા ગોવિંદ સાપરે, ૧૯૭૧માં રાજારામ ગોપાલ કુલકર્ણી, ૧૯૭૭ અને ૧૯૮૦માં જનતા પાર્ટીના સુબ્રમણ્ય સ્વામી ૧૯૮૪, ૧૯૯૧, ૧૯૯૮ તથા ૨૦04માં કોંગ્રેસના ગુરુદાસ કામત ૧૯૮૯માં ભાજપ તરફથી જયવંતીબેન મહેતા, ૧૯૯૬ વર્ષમાં બીજેપીના પ્રમોદ મહાજન ૧૯૯૯ અને ૨૦૧૪માં ભાજપના કિરીટ સોમૈયા ૨૦૦૯ કોંગ્રેસના સંજય દીના બામા પાટીલ અને ૨૦૧૯માં ભાજપના મનોજ કોટક.

હવે ૨૦૨૪માં ચૂંટણી અખાડામાં મુખ્ય બે પક્ષો, એનડીએ તરફથી ભાજપાના મિહિર કોટેચા તથા ઈન્ડિયા ગઠબંધન-મહાવિકાસ આઘાડી તર્ફે શિવસેના ઉદ્ધવ ગ્રુપના સંજય દિના બામા પાટીલના નામ ઉમેદવાર તરીકે જાહેર થયા છે. તે ઉપરાંત બીજા કોણ ઉમેદવાર અપક્ષ કે અન્ય પાર્ટીઓથી હશે તેનું ચિત્ર ૨૩ દિવસ પછી ઉમેદવારી પત્રક ભરાશે અને તા.૬મેના ઉમેદવારી પરત લેવાશે ત્યારે સ્પષ્ટ થશે.

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
2 BHK વેચાણાર્થે
વી.પી. રોડ ખાતે યુઝેબલ
700 કારપેટ એરિયા
પ્રાઈઝ 1 કરોડ 70 લાખ
8169222044




30 YEARS OF EXCELLENCE AND DELICACIES.
Enjoy the luxury of the Revamped and Enhanced Kalidas Marriage Hall
7 comfortable rooms are available for your outstation guests to unwind in.
Experience the Grand Royal Ambience with modern amenities.
Capacity of 300 to 800 guests with 550 seating capacity.
Ample parking space.
DhanRaj HOSPITALITY
Contact us on- +91 8080 3888 08 | +91 771 888 555 0/5



Unlimited Aamras Thali
₹650
Inclusive of all taxes
जरा चखके देखो!
Tip Top GRAND THALI RESTAURANT
Lunch: 11.30 am to 3.30 pm
Dinner: 7.30 pm to 11 pm
Hotel Tip Top Plaza, L.B.S. Marg,
Near Teen Hath Naka, Thane (W).
Tel.: 88793 12345/98333 78234/022 6793 5301/02
Menu can be changed at any time without prior notice
Order online on SWIGGY zomato
T&C apply

# વધારાની આવક કમાવા ઈચ્છતા ગુજરાતીઓ, કચ્છીઓ માટે ગુડ ન્યુઝ

## જ્યારે કોઈ કામ ન હોય અથવા નિવૃત્ત સમય પસાર કરી રહ્યા હો ત્યારે નાનકડું ફ્રીલાન્સ કામ કરીને જો તમને પૈસા મળતા હોય તો કેવું રહે?


નિલિમા મહાને


મંદા થોરાત


નવીન એ. શાહ


દિલીપ સોનવણે

થાણેમાં રહેતાં એક હાઉસવાઇફ મહિલા એક વર્ષ પહેલાં એક કૉર્પોરેટ બિઝનેસ ગ્રુપ સાથે જોડાયાં હતાં અને ઈન્વેસ્ટમેન્ટ વગર પોતાના સમય પ્રમાણે કામ કરીને સારી આવક મેળવતાં થઈ ગયાં હતાં. તેથી તેમની ઇચ્છા છે કે આ કોર્પોરેટ બિઝનેસ ગ્રુપ સાથે જોડાઈને અન્ય લોકો પણ ઇન્કમ કમાઈ પગભર થઈ શકે આ વિશે જણાવતાં તેમણે કહ્યું હતું કે આપણે ગુજરાતી રહ્યા એટલે બીજાની પાસે કામ કરવા કરતાં જો આપણો જ નાનો વ્યવસાય હોય તો આપણે પોતાના શેઠ કહેવાઈએ. આ એક એવું ગ્રુપ છે જેમાં જોડાઈને તમે ત્રણ પ્રકારની આવક કમાઈ શકશો. આ કામ તમે ઘરે બેસીને, પાર્ટટાઈમ અને ફુલટાઈમ પણ કરી શકો છો. આ ગ્રુપમાં જોડાવું ખાસ રિટાયર્ડ, વીઆરએસ, સરકારી, ખાનગી અધિકારીઓ, નિવૃત્ત બૅન્કર, પેન્શન મેળવતા લોકો તથા ગૃહિણીઓ માટે અત્યંત ફાયદાકારક છે.આ ગ્રુપ સાથે જોડાવાની સાથે તમે સફળતાની દિશામાં એક પગથિયું આગળ વધશો મારી સાથે આ ગ્રુપમાં જોડાયેલા આશરે 300 લોકો આજે વગર કોઈ બંદિશ સારી ઇન્કમ કમાઈ રહ્યા છે.

થાણેમાં રહેતા અને નિવૃત્ત બૅંક અધિકારી **નવીન એ. શાહ** કહે છેકે નિવૃત્તિ પછી, સમય પસાર કરવા માટે કોઈપણ જાતના તાણ વિના વધારાની આવક મેળવવા માટે આ શ્રેષ્ઠ તક છે. અહીં તમને સંતોષ તેમજ રેકગ્નિશન અને રેવન્યુ મેળવવાની તક પણ મળે છે તો રાહ શેની જોડાઓ અને અનુભવ કરો.

થાણેમાં રહેતા અને મધ્ય રેલવેમાંથી નિવૃત્ત થયેલ **મંદા થોરાત**નુ કહેવુ છેકે મને સામાજિક મહત્વની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખવા તેના દ્વારા થોડી આવક મેળવવા અને મારી જાતને સ્વતંત્ર અને જીવંત રાખવા માટે કોટક સાથે જોડાઈ છું તમે પણ રાહ ન જોતા એક વાર આવી આ ગ્રુપ સાથે જોડાઇ જુઓ.

થાણેમાં વેસ્ટમાં રહેતા અને ટાટામાંથી ઇન્ફ્રા પ્રોફેશનલ તરીકે નિવૃત્ત થયેલા **દિલીપ સોનવણે**નું કહેવુ છેકે કોટક લાઇફ દ્વારા તાલીમ દરમિયાન મને જીવનના જોખમો, રોકાણો, માનવ જીવન મૂલ્ય વિશે સારી રીતે શીખવા મળ્યું છે.હું મારા સમય મુજબ કામ કરી રહ્યો છું અને કોટક તરફથી એક આકર્ષક પ્રવાસ અને મહેનતાણું લાભો શોધી રહ્યો છું.

**નિલિમા મહાને**નું કહેવુ છેકે આજે તેઓ ટીમ મેનેજમેન્ટ અને પ્રોસેસ મેનેજમેન્ટમાં મજબૂત પૃષ્ઠભૂમિ સાથે ટીમ લીડર તરીકે સફળતાપૂર્વક કામ કરી રહી છું. આ તકે મને સારી આવકની સાથે સાથે મારી વર્ક લાઈફ બેલેન્સ જાળવવામાં મદદ કરી છે.

મુલુંડ,થાણેના નાગારીકોને હાય ટી સાથે આયોજીત આ પ્રોગ્રામ માટે શુક્રવાર, તા. 12 એપ્રિલેના હાર્દિક આમંત્રણ છે.

**પ્રેઝન્ટેશન : બપોરે 4 થી સાંજે 6**

સ્થળ: ધ ક્રાઉન બેંકવેટ,6ઠ્ઠા માળે, વિકાસ સેન્ટર,એન.એસ. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.

મર્યાદિત સીટો છે તેથી રજીસ્ટ્રેશન કરાવવા માટે હમણાં જકૉલ કરો.


**સંપર્ક-98199 03222**


એક જ કૉલ તમારું જીવન બદલી નાખશે.


# કરુણા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

ચાર ધામ, શિખરજી, સ્પેશિયલ યાત્રા માટે

હરિદ્વાર તા.15, 20, 25 મે, 2024



# કરુણા કેટરર્સ – મંડપ ડેકોરેટર્સ





લગ્ન, બર્થ-ડે, સગાઈ તેમજ સર્વ પ્રકારનાં શુભ કાર્યના ઓર્ડર લેવામાં આવશે.

સંપર્ક કરો

84259 70126 / 99879 61600



# કચ્છ યુવક સંઘ મુલુંડ શાખા

લાયન્સ ક્લબ ઑફ મુલુંડ और के सहयोग से

એન્કરવાલા રક્તદાન અભિયાન

SBTC

## ૪૭મી મેગા રક્તદાન શિબિર

તારીખ : રવિવાર

07th April 2024

સમય : સવારે ૯.૦૦ થી સાંજે ૬.૦૦

Venue :
A.C. Badminton Court,
Lions Club,
Opp,S.M.P.R. School, V.P.Road,
Mulund (West), Mumbai - 400 080

–: સહયોગી દાતા :–

| | |
| --- | --- |
| માતુશ્રી કમળાબેન વિશનજી નાગડા નરેડી , મુંલુંડ – ઈસ્ટ | માતુશ્રી ભાનુમતિ નેમીદાસ ગાલા પ્રાગપર, મુલુંડ – ઈસ્ટ |

સહયોગી સંસ્થા

| | |
| --- | --- |
| ભારત વિકાસ પરિષદ- મુલુંડ | શ્રી કચ્છી વિશા ઓસવાલ સમાજ |
| મુલુન્ડ અચલગચ્છ જૈન સંઘ | શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ – મુલુંડ |
| ભાનુ યુથ સર્કલ – મુંબઈ | શ્રી હાલારી વિશા ઓશવાલ સેવા સમાજ – મુલુંડ |
| વીર જસરાજ દાદા મંડળ-મુલુંડ,મુંબઈ | શ્રી મુલુન્ડ બ્રમ્હક્ષત્રિય સમાજ |

મેહુલ ધરોડ (સંયોજક) | દિક્ષિત કારાણી (સહસંયોજક)

રક્તદાન કન્વીનરો

આનંદ પવાણી (કન્વીનર) 9821297732 | અલ્પેશ સાવલા (સહકન્વીનર) 9820892508

ઓર્ગન કન્વીનરો

વિક્રમ રતડા (કન્વીનર) શીતલ ગાલા (સહકન્વીનર) પ્રતીક દેઢિયા (સહકન્વીનર)

Free Check Up
Uric Acid & Creatinine
Timing: 10Am to 2Pm

લિ. પ્રમુખ : શ્રી રાહુલ ચંદ્રકાન્ત દેઢિયા (પુનડી) મેને.ટ્રસ્ટી : હેમંત રવજી કારાણી (હાલાપુર)

મેડિકલ કન્વીનર : શ્રી ભરત ગાંગજી ગોગરી (છસરા)

# કોંગ્રેસ આર્થિક કટોકટીમાં



તંત્રીસ્થાનેથી
જયંત છેડા

એક બાજુ સમગ્ર દેશમાં લોકસભાની ચૂંટણીની પંચે જાહેરાત કરી ત્યાર બાદ દરેકે દરેક નાના મોટા રાજકીય પક્ષો પોતપોતાની સોગઠી ગોઠવવા માંડ્યા હતા. તે ટાણે જ આવકવેરા વિભાગે એક સમયના ઘૂરંઘર પક્ષ કોંગ્રેસ પક્ષને વર્ષ ૨૦૧૮-૧૯ની રૂા.૨૧૦ કરોડના આવકવેરા વસૂલી કરવા માટે તેના ચાર બેન્ક ખાતા ફ્રીઝ કરતાં ધમસાણ મચી ગઈ હતી. આ મુદ્દાને ઉછાળવા પાર્ટી મુખિયાઓ, અધ્યક્ષ મલ્લિકાર્જુર્ન ખડગે સાથે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, ટ્રેઝરર અજય માકન, સેક્રેટરી કે. સી.વેણુ ગોપાલ, જય રામ રમેશ ઈત્યાદિ પ્રેસ કોન્ફરન્સ યોજી જેમાં આ કાર્યવાહી બદલ કેન્દ્ર સરકાર પર માછલાં ધોયા હતા. આ લોકશાહી પરનો હુમલો છે. કોંગ્રેસ પક્ષનું ગળું દબાવવાનો ખૂલ્લો પ્રયાસ છે એવો આક્ષેપ કર્યો હતો. પૈસાના અભાવે પાર્ટી લોકસભાની ચૂંટણી માટે કોઈ અભિયાન નહીં ચલાવી શકે. વિમાન પ્રવાસ તો ઠીક રેલવેની ટિકિટનો ખર્ચ પણ કરી શકાય તેમ નથી. સૌથી મોટી અને જૂની વિપક્ષી પાર્ટી હોવા છતાં કોંગ્રેસ કોઈ કાર્યવાહી કરવા અસમર્થ છે એ પ્રકારના રોદણાં પ્રેસ મીટ દરમિયાન રોયા.

ભાજપ આ કાર્યવાહી કરી એક પક્ષને નહીં પણ લોકતંત્રને ફ્રીઝ કરી દીધું છે. અમારી પાસે પરચૂરણ ખર્ચ કરવા માટે બે રૂપિયા પણ નથી એવું આર્થિક તંગી હોવાની રજૂઆત કરી હતી. આ કાર્યવાહી આયકર વિભાગ દ્વારા રૂટિન કાર્યવાહી કરતાં કરાઈ છે. પણ કોંગ્રેસ પાર્ટીને ભાજપ પર પ્રહાર કરવાનો મોકો મળી ગયો છે. આ આક્ષેપનો ભાજપ તરફથી જવાબ અપાયો કે આ કાંડ કોંગ્રેસ પક્ષના પદાધિકારીઓની લાપરવાહીને કારણે થયો છે. પક્ષના મુખિયાઓ માત્ર સરકારના વિરોધ કરવામાં એક દાયકો વિતાવી દીધો છે. ભારત જોડો અને ન્યાય યાત્રામાં પોતાનો સમય અને શક્તિ વેડફી દીધા છે એ જો હિસાબ કિતાબના ચોપડા વ્યવસ્થિત કરવા માટે વાપરયા હોત તો આ કાર્યવાહીની નોબત જ ન આવત. ખાતાકીય અપીલ ના મંજૂર થતાં બાદ જ્યુડિશિયલ રાહત માટે કોઈ રાહત ન મળતાં હવે વિપક્ષી પાર્ટી સુપ્રીમ કોર્ટમાં ગઈ છે. દિલ્હીની વડી અદાલત પાસે ફેર આકરણીની અરજી બાબતે પક્ષે ખુલાસો કર્યો હતો કે વેરાની ફેર આકરણી પર સમયાવધિ છે જે હિસાબે આવકવેરા વિભાગ મહતમ છ વર્ષ સુધીની આકરણી કરી શકે. આ કેસ વર્ષ ૨૦૧૪-૧૫ વર્ષ ૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૨૦૧૭ની આવકની આકરણીનો છે. ઈન્કમ ટેક્સ વિભાગે ભારપૂર્વક કહ્યું હતું કે ટેક્સ સતાવાળાઓએ કોઈ કાયદાકીય જોગવાઈનો ભંગ કર્યો નથી. તપાસણી દરમ્યાન જે મટીરીયલ મળ્યું છે એ બતાડે છે કે પક્ષે છુપાવેલી આવક ૫૨૦ કરોડથી વધારે છે.

ખરી હકીકત એ છે કે પડોશી દેશ પાકિસ્તાન જેવી હાલત દેશ પર દાયકાઓ સુધી શાસન કરેલ કોંગ્રેસ પક્ષની થઈ ગઈ છે. એક તરફ પક્ષ તૂટી રહ્યો છે. હાલક ડોલક જહાજમાંથી મોટા ભાગના રાજ્યોમાંથી મોટા પક્ષ નેતાઓ કૂદકા મારી ભાગી રહ્યા છે. ચૂંટણી લડવા માટે ભરોસાપાત્ર ઉમેદવાર આગળ આવતા નથી. વિપક્ષી સંગઠન બન્યું છે પણ નહીંવત જેવું છે. આ હાલતમાં કોંગ્રેસ પક્ષની અન્ય વિપક્ષી પાર્ટીઓ અવગણના કરી રહ્યાં છે. ત્યારે ચોરની મા કોઠીમાં મોંઢું સંતાડી રડી રહી છે એવો સિનારીયો છે ત્યાં આર્થિક કટોકટી સામે ઝઝૂમવાની નોબત છે. એટલે શાખને સાચવવા લોકોની પાસે વોટની માંગણી કરવાને બદલે થોડી ઘણી સહાનુભૂતિ માગવા રહેમ નજર મેળવવા માટે પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસ પાર્ટીની આ કટોકટી માત્ર નાણાની નથી વિશ્વાસની છે. પક્ષનું નેતૃત્વ, પાંગળું છે, વિચાર શક્તિ કે પ્રજા સેવાની નિષ્ઠા શૂન્ય છે. પક્ષ પ્રમુખ તો માત્ર મહોરૂં છે ખરું સંચાલન પરિવાર કરી રહ્યું છે. માત્ર મોદી પર આક્ષેપ કરવાથી અને અંગ પર ધારણ કરેલા ફાટેલા વસ્ત્રો બતાવી લાચારી અને કંગાલિયત દર્શાવવાથી લોકોનો ભરોસો મળે નહીં. માત્ર મની પાવરથી પણ સતા મળતી નથી. લોકો પક્ષ નેતાની પ્રતિષ્ઠા અને પ્રતિભાને પણ નાણે છે. અને હવે તો ૧૮ વર્ષના યુવાનો પણ મતાધિકારીનો ઉપયોગ કરે છે. આજે જનતા ગરીબડી ગાય નથી જે દોરવી દોરાય.

આયકર વિભાગ દ્વારા રાજકીય પક્ષોને આવકવેરાથી મુક્તિ અપાઈ છે પણ દર વર્ષે આવકવેરા પત્રક ભરવાની શરતે. જો આ પત્રક ન ભરાય તો વેરા મુક્તિ રદ થાય છે. કોંગ્રેસ પક્ષ કંઈ નવો સવો કે નાનો સૂનો પક્ષ નથી કે વાર્ષિક આવક પત્રક ભરવાનું સળંગ રીતે ભૂલી જાય. આવક વેરા ટ્રિબ્યુનલ કોંગ્રેસ પક્ષને ઠપકાર્યા પછી દિલ્હી હાઈકોર્ટના જજો પણ ટીકા કરી કે પક્ષનો જવાબદાર નેતૃત્વ શું અત્યાર સુધી ઘોરતો રહ્યો હતો કે શું? તાજા સમાચાર મુજબ સુપ્રીમ કોર્ટએ સોમવારે કોંગ્રેસ પક્ષને રાહત આપી આવક વેરા વિભાગને જુલાઈ સુધી કોઈ પગલાં લેવા માટે રોક્યાં છે.

આવક વેરા વિભાગ તરફથી રૂા.૧૭૪૫ કરોડની વધુની કર માંગણી સાથે નવી નોટિસ કોંગ્રેસ પક્ષને આપી છે. આમ કોંગ્રેસ પક્ષને આકરણી વર્ષ ૧૯૯૪-૯૫ વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂા.૧૮૨૩ કરોડ મળી કુલ્લ રૂા.૩૫૬૭ કરોડ ક્લિયર કરવા જણાવ્યું છે. આમ કોંગ્રેસ પક્ષ દેશની દેવાદાર મોટી પાર્ટી બની છે.

# શ્રી કચ્છી લોહાણા મહાજન-મુલુંડ દ્વારા શ્રી દરિયાલાલ જન્મજયંતિ ચૈત્રી બીજ ઘેગ મહોત્સવનું ભવ્ય આયોજન

શ્રી કચ્છી લોહાણા મહાજન-મુલુંડ દ્વારા ચૈત્રી બીજ ઘેગ મહોત્સવનું ભવ્ય આયોજન બુધવાર,તા.૧૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ મહાજનવાડી, આર.આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ) ખાતે કરવામાં આવ્યું છે. કાર્યક્રમની રૂપરેખા અંતર્ગતઃ શ્રી ઈષ્ટદેવતા દરિયાલાલ દાદાની જન્મ જયંતી નિમિત્તે દાદાનું પૂજન, નૂતન ધ્વજારોહણ, આરતી તથા સવારે ૧૦ થી રાત્રે ૧૦ દરમિયાન દર્શન તથા દડિયા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી દરિયાલાલ દાદાની જન્મ જયંતીની ભવ્યાતિભવ્ય ઉજવણીનું આયોજન સાંજે ૬.૩૦ કલાકથી રિચર્ડસન એન્ડ ક્રુડાસ ગ્રાઉન્ડ, એલબીએસ માર્ગ, મુલુંડ (વેસ્ટ) ખાતે કરવામાં આવ્યું છે. આ અંતર્ગત સમૂહ આરતી, ભક્તિબેન આસાણી તથા સાથી કલાકારો દ્વારા ભજન સંધ્યા અને સાંજે ૭ થી રાત્રે ૧૧ દરમિયાન મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાપ્રસાદ સૌજન્ય દાતા સ્વ. નિર્મલાબેન પરસોત્તમભાઈ ગણાત્રા હસ્તે સરોજબેન મહેશ ગણાત્રા અને દક્ષાબેન જયેશભાઈ ગણાત્રા (મુલુંડ), સ્વ. કાનજી મોતીરામ તન્ના પરિવાર (ઘાટકોપર), સ્વ. શાંતાબેન જમનાદાસ અનમ (મુલુંડ) હસ્તે હરેન જમનાદાસ અનમ અને રાજેશ જમનાદાસ અનમનો સમાવેશ થાય છે. શ્રી કચ્છી લોહાણા મહાજન-મુલુંડના ટ્રસ્ટીગણે આ મહોત્સવમાં સહુ જ્ઞાતિજનો, કુટુંબીજનો અને ભક્તજનોને પધારવા હાર્દિક આમંત્રણ આપ્યું છે.

# અદાણી રિઅલ્ટી અને મેરેથોન પરિવારનું સંયુક્ત સાહસ મોન્ટે સાઉથ – ભાયખલ્લા ખાતે જિનાલયની પ્રતિષ્ઠા વિધિ

સામાન્ય રીતે કોર્પોરેટ જગતના માંધાતાઓ બીઝનેસ માટે ટાઈ અપ કરતાં હોય છે પરંતુ અત્રે રિઅલ એસ્ટેટ ક્ષેત્રના અગ્રણી કોર્પોરેટ જગતની કંપનીઓ અદાણી રિઅલ્ટી અને મેરેથોન લિ.એ ભાયખલ્લામાં સહિયારા સાહસના ભાગરૂપે મોન્ટે સાઉથ, ખટાઉ મિલ્સ કમ્પાઉન્ડ, ભાયખલ્લા ફાયર બ્રિગેડની બાજુમાં આશરે ૧૩ એકરના વિશાળ રેસિડેન્સિયલ કોમ્પલેક્સમાં ભવ્ય જિન પ્રસાદનું નિર્માણ કરવામાં આવ્યું છે.

શ્રી મહાવીર સ્વામી પરમાત્મા આદિ પાંચ પરમ તારક શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠાનો પુનિત પ્રસંગ પ.પૂ.આ.ભ. શ્રી વિજય રાજહંસસૂરીશ્વરજી મહારાજાની પાવન નિશ્રામાં યોજવામાં આવશે. આ પ્રસંગે ગુરૂવાર, તા.૧૧ એપ્રિલથી, સોમવાર, તા. ૧૫ એપ્રિલ ૨૦૨૪ દરમ્યાન યોજાનારા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન દરરોજ સવારે અને સાંજે ભગવાનના પંચ કલ્યાણકોની ઉજવણી કરવામાં આવશે.

તા. ૧૧ એપ્રિલના ભગવાનનું ચ્યવન કલ્યાણક, તા.૧૨ એપ્રિલના જન્મ કલ્યાણક, તા.૧૩ એપ્રિલના ભગવાનનો લગ્નોત્સવ, તા.૧૪ એપ્રિલના દિક્ષા કલ્યાણક અને કેવળજ્ઞાન- નિર્વાણ કલ્યાણકની ઉજવણી થશે. તા.૧૫ એપ્રિલ ૨૦૨૪ના રોજ જિનાલયના પ્રતિષ્ઠા મહોત્સવ સાથે આ પાંચ દિવસના મહોત્સવની પૂર્ણાહુતિ થશે. આ મહોત્સવના વિવિધ કાર્યક્રમોની ઉજવણી દરરોજ સવારે ૯ કલાકે શરૂ થશે.

શ્રી મહાવીર જિન પ્રસાદમાં તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામી, શ્રી આદિનાથ, શ્રી સીમંધર સ્વામી, શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્રી પદમપ્રભ સ્વામી, ગણધર ગૌતમ સ્વામી અને સુધર્માસ્વામી, સરસ્વતી દેવી, પદ્માવતી દેવી, મણિભદ્ર દાદા અને નાકોડા ભૈરવની પણ અંજન શલાકા અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થશે.

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માટે પ.પૂ.આ.ભ. શ્રી રાજહંસસૂરીશ્વરજી મ.સા. મંગળવાર, તા.૯ એપ્રિલ ૨૦૨૪ના રોજ ભાયખલ્લા ખાતે પ્રવેશ કરશે.

ત્રિદેવ એપાર્ટમેન્ટ
3 BHK ફર્નીશ્ડ વેચાણથી
1 BHK
2 BHK
3 BHK લેવા-વેંચવા
કૃણાલ એસ્ટેટ
98212 87646

રૂનવાલ ટાવરમાં
2 BHK વેચાણથી
1 BHK
2 BHK
3 BHK લેવા-વેંચવા
કૃણાલ એસ્ટેટ
98212 87646

2 BHK R.H.B.Rd
765 C વેચાણથી
1 BHK
2 BHK
લેવા-વેંચવા
કૃણાલ એસ્ટેટ
98212 87646

Luxurious 3 BHK
Residential
Haven with Deck
FLORENCIA
P.K.Road, Mulund(W)
- 1118 ++ sq. ft.
- 2 Parkings
- Exclusive Spacious Full Floor Flat
- Luxurious Property
- First 3 Floors for Parking
- OC Received
- State of the Art Gym
- Vibrant Community and Neighbors
- Completely open and unrestricted view of Garden Hill Area & Kalidas
- 24/7 Power Backup
- Connectivity with School Hospitals, Major Landmarks

For Details Call :
9833808250

# શ્રી બાલરાજેશ્વર મહાદેવ મંદિરમાં બર્ફાની બાબાના દર્શન કરવા મોટી સંખ્યા શિવભક્તો ઉમટ્યાં



શ્રી બાલરાજેશ્વર મહાદેવ મંદિર દ્વારા છેલ્લા ઘણા સમયથી ફાગણ માસમાં મહાપૂજાનું આયોજન કરવામાં આવે છે. તે પ્રમાણે આ વર્ષે પણ શુક્રવાર તા.૨૯ માર્ચ થી રવિવાર, ૩૧ માર્ચ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વમાં સૌથી મોટી બરફની શિવલિંગ બનાવવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત હોમાત્મક મહારૂદ્ર પૂજન,શ્રી મહાલક્ષ્મી યાગ, સવા લાખ શિવ પાથેશ્વર શિવલિંગ પૂજન તેમજ ૧૨ જ્યોતિર્લિંગ પૂજનનો સમાવેશ થયો હતો. શુક્રવાર તા.૨૯ માર્ચના સાંજે ૭ કલાકે ૧૦૮ શિવચાલીસા પાઠ, શનિવાર તા.૩૦ માર્ચના સાંજે ૭ કલાકે માતાજીની ચોકી રાખવામાં આવી હતી. તથા રવિવારે તા.૩૧ માર્ચના સવારે ૧૦ કલાકે સત્યનારાયણની કથા અને સાંજે ૭ કલાકે શ્રી બાલરાજેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાપ્રસાદ-ભંડારાનું આયોજન કરવામાં હતું. ફાગણ માસ તહેવારના આકર્ષણના કેન્દ્ર રૂપ વિશ્વના સૌથી મોટા બરફના શિવલિંગના દર્શનનો અમૂલ્ય લાભ લેવા ભાવિકજનો મોટી સંખ્યામાં ઉમટ્યાં હતાં.

આ પ્રસંગે મંદિર પરિસર તેમજ એલબીએસ અને ભક્તિ માર્ગના ભાગોને આકર્ષક લાઇટિંગથી શણગારવામાં આવ્યું હતું. કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો. ભક્તો તેમજ વટેમાર્ગુઓ કે વાહન ચાલકોની સુવિધા માટે મંદિરની બહાર એલઇડી પર મંદિરનું લાઈવ સ્ક્રીનીંગ કરવામાં આવી રહ્યું હતું. નાગરિકો ઘરે બેઠાં બેઠાં કેબલ પર તેના લાઈવ ટેલિકાસ્ટનો લાભ લીધો હતો.

## તસ્વીર બોલે છે





આર.પી.રોડ પર કદમપાડા સોસાયટીની સામેનાં રોડ પર ડિવાઈડર કાઢી નાખ્યા પછી જે ખાડાઓ પુરવા જોઈએ તે પૂર્યા ન હોવાના કારણે ટુ વ્હીલર માટે અતિ રિસ્કી એવા ખાડા છે. જેને લીધે ભવિષ્યમાં મોટો અકસ્માત થવાનો ભય ઝઝૂમતો રહે છે. આ ખાડાઓ વહેલામાં વહેલા ભરવા અતિ જરૂરી છે.






# લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા માર્ચ માસના અંતિમ સપ્તાહમાં કરાયા વિવિધ સેવા પ્રોજેક્ટ




તા.૨૬ માર્ચ મંગળવારના લાયન ભોજન યોજના અંતર્ગત બ્રિજવાસી દૂગ્ધાલય રેલવે સ્ટેશન પાસે ૫૦ જેટલા જરૂરિયાતમંદોને આહાર વિતરણ કરાયું જેની વેલ્યુ રૂા.૧૨૫૦ જેટલી હતી. સેવા પ્રોજેક્ટના ચેરપર્સન લાયન દિલીપ શિરગાંવકર અને લાયન દૌલત જમતાની હતા.



તા.૨૮ માર્ચ ગુરૂવાર રોજે લાયન કિચન પ્રોજેક્ટ અંતર્ગત લાયન્સ સ્પોર્ટસ પેવેલિયનમાં ૫૦ જેટલા લાભાર્થીઓએ ભોજન સેવાનો લાભ લીધો હતો. સેવા પ્રોજેક્ટ કુલ્લ રૂા.૩ હજારનું હતું. મુખ્ય ડોનર લાયન મનીષ શાહ જ્યારે પ્રોજેક્ટ ચેરપર્સન લાયન પિનાકી સારંગી હતા.

તા.૨૯ માર્ચ શુક્રવાર ગુડ ફ્રાઈડના દિવસે ઝૂલેલાલ મંદિર, મુલુંડ કોલોની પરિસરમાં લાયન ફૂડસ ડ્રીસ્યુબિશન અંતર્ગત ૫૦ જેટલા જરૂરિયાતવાળાઓને





રૂા.૧૨૫૦ પ્રોજેક્ટ વેલ્યુનું ફૂડ સર્વ કરાયું. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન ગૌરવ ઠક્કર અને લાયન સાગર રૂપારેલીયા હતા.

ઉપરોક્ત લાયન્સ ક્લબ ઓફ મુલુંડની સેવા પ્રવૃત્તિની માહિતી ક્લબના સેક્રેટરી પુષ્પલ સંઘવી દ્વારા અખબારી યાદી દ્વારા જણાવાઈ છે.




Nikita Yadav
Mob.: 7021817988
NIKITA MEHENDI
Indian Mehendi
Arabic Mehendi
Floral Mehendi
Home Service Available

PERSONALITY IS A JEWEL
POLISH IT
• EFFECTIVE ENGLISH
• FOCUS BUILDING
• WINNING ATTITUDE
• LEADERSHIP SKILLS
• WELLNESS & FITNESS
23 yrs. of Experience
ABHIJIT SIR : 9867489566



મુલુંડ વેસ્ટ કોલોની
આસ્થા હોસ્પિટલ પાસે
૪૯૦ મીટર પ્લોટ વેકંટ પઝેશન,
એલ. બી. એસ. રોડથી અને
જહોનસન ગાર્ડનથી ૨ મિનીટ.
૧૦૦% ટાઈટલ ક્લિયર.
જરૂરી ક્લિયરન્સ સાથે.
હરીશ ખોંભડીયા-98922 26888
રવિ એસ્ટેટ એજન્સી

આ સિરપનો ઉપયોગ કરી
તમે રહી શકો છો હંમેશ માટે નિરોગી

BEON®
Nature cures better
Since 13 years

ફાયદા
• નસોને સાફ રાખવામા મદદ કરે છે
• કોલેસ્ટ્રોલ ને કંટ્રોલ કરવામા મદદ કરે છે.
• બ્લડપ્રેશર ને કંટ્રોલ કરવામા મદદ કરે છે.
• વેરીકોસ વેન્સમાં મદદ કરે છે.
• વજન ઘટાડવાં માં મદદ કરે છે.
• કફ,શરદી,ખાંસી માં કામ આવે છે.
• અસ્થમા અને સાંધાના દુઃખાવા માં ફરક પડે છે.
• પગની નસો ખેંચાતી હોય તો એમાં અસર કરે છે.
• કંપવા અને થાઈરોઈડ મટાડવા માં મદદ કરે છે.
• સ્ટ્રેસ ના લીધે થતો બોડી પેઈન મટે છે.
• સ્કીન ના નાના મોટા પ્રોબ્લેમ્સ દૂર થાય છે.
• નિયમીત લેવાથી રજીસ્ટંટ પાવર અને ઈમ્યુનીટી વધારે છે
• કોઈ આડઅસર નથી.

સામગ્રી
લસણ
આદું
લીંબુ
સફરજનનો
સરકો



ઓર્ડર કરો અને ઘરે બેઠા મેળવો
300ml બિઑન સિરપ.
એક બોટલ એક મહિનો ચાલશે
રોજે માત્ર 10ml ઉપયોગ કરો.
240/- રૂપિયામાં
પાછી
ફ્રિ હોમ ડિલેવરી
SS HEALTH FOODS
B 93/B2 FIRST FLOOR
GAMI INDUSTRIAL
PARK MIDC PAWNE
NAVI MUMBAI
98219 20099



# ઈશાન્ય મુંબઈ લોકસભાના ભાજપાના ઉમેદવાર મિહિર કોટેચાનો જનસંપર્ક અભિયાન જોરશોરથી શરૂ

## શિવજયંતિના અનેક કાર્યક્રમોમાં હાજરી આપીને મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ શિવવંદના કરી





શિવજયંતિ નિમિત્તે ગુરુવાર, ૨૮મી માર્ચે યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપીને ઈશાન્ય મુંબઈના લોકલાડીલા નેતા મિહિર કોટેચાએ શિવવંદના કરી હતી. આ કાર્યક્રમોમાં ભારતીય જનતા પક્ષના પદાધિકારીઓ, કાર્યકરો અને સ્થાનિક રહેવાસીઓ હાજર રહ્યા હતા.

શિવાજી મહારાજ એક મહાન યોદ્ધા અને આદર્શ રાજા હતા. હિન્દુત્વને બચાવવા માટે એમણે મરાઠાઓની આગેવાની કરીને અનેક યુદ્ધોમાં ભવ્ય જીત અપાવી હતી.

શિવજયંતિ નિમિત્તે વિવિધ વિસ્તારોમાં કાર્યક્રમોની ઝલક આપતી કેટલીક તસવીરો અહીં આપી છે.



## મિહિર કોટેચાએ 'સ્વાતંત્ર્યવીર સાવરકર' ફિલ્મ નિહાળી



શુક્રવાર, તા ૨૯ માર્ચના રોજ 'સ્વાતંત્ર્યવીર સાવરકર' ફિલ્મનું સ્પેશ્યલ સ્ક્રીનિંગ મુલુંડ ઈસ્ટના એનવાય સિનેમામાં યોજાયું હતું, મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ નિહાળ્યું હતું. સાવરકરજી વિશેની આ ફિલ્મમાં રણવીર હુડાએ ઉત્કૃષ્ટ અભિનય કર્યો છે અને ફિલ્મનું ડિરેક્શન પણ ઉચ્ચ કક્ષાનું છે. દેશભક્તિની આ પ્રેરણાદાયક ફિલ્મના બીજા અનેક ખાસ સ્ક્રીનિંગ યોજાવાના છે.





## ભાંડુપના પદ્મપ્રભ જિનાલયના ૨૬મા ધ્વજારોહણ મહોત્સવમાં મિહિર કોટેચાએ જૈન મ.સા.ના આશીર્વાદ લીધા





ભાંડુપના પદ્મપ્રભ જિનાલયમાં પરમપૂજ્ય આચાર્ય શ્રી કવિન્દ્રસાગરસૂરીજી મહારાજ સાહેબની નિશ્રામાં યોજાયેલા ત્રણ દિવસના ભવ્ય ધ્વજારોહણ મહોત્સવના એક ભાગરૂપે શનિવારે સવારે યોજાયેલા સત્તર ભેદી પૂજા કાર્યક્રમમાં મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ હાજરી આપીને મહારાજ સાહેબના આશીર્વાદ લીધા હતા.

આ મહોત્સવના પહેલા દિવસે એટલે ૨૭મી માર્ચે સવારે ભક્તામર મહાપૂજન યોજાયું હતું. ત્યાર બાદ ૨૯મી માર્ચે અઢાર અભિષેક કાર્યક્રમ યોજાયો હતો. ત્રણ દિવસના મહોત્સવમાં હજારો શ્રાવકો હાજર રહ્યા હતા.

પરમપૂજ્ય મહારાજ સાહેબ ઉપરાંત પ.પૂ.સા. સદ્ગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સા. સુશીલગુણાશ્રીજી અને પ.પૂ.સા. જિણંદગુણાશ્રીજી મ.સા.નો ચતુર્માસ જૈન સંઘને મળેલ છે.

આ કાર્યક્રમમાં સંઘના પ્રમુખ કિર્તીભાઇ હરીઆ તથા વિશાલ રાંભિયા પણ હાજર હતા.



# ઈશાન્ય મુંબઈ લોકસભાના ભાજપાના ઉમેદવાર મિહિર કોટેચાનો જનસંપર્ક અભિયાન જોરશોરથી શરૂ

## મુલુંડ અને ઘાટકોપરની હાઉસિંગ સોસાયટીઓના રહેવાસીઓ સાથે મિહિર કોટેચાએ રવિવારે વાતચીત કરી





રવિવારે ઉત્તર પૂર્વ મતવિસ્તારના મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ મુલુંડ તથા ઘાટકોપરની વિવિધ હાઉસિંગ સોસાયટીઓની મુલાકાત લઈને સ્થાનિક રહેવાસીઓ સાથે વાતચીત કરી હતી.

વિધાનસભ્ય તરીકે મિહિર કોટેચાએ કરેલા કાર્યોથી પ્રભાવિત રહેવાસીઓએ આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારને જ મત આપવાની ખાતરી આપી હતી. વિદ્યાવિહારની નીલકંઠ વિહાર સોસાયટી અને મુલુંડ વેસ્ટની તીરુમાલા હાઇટ્સ હાઉસિંગ સોસાયટીના રહેવાસીઓ સાથે મિહિર કોટેચાએ વાતચીત કરી હતી. મિહિર કોટેચાએ રહેવાસીઓ સાથે નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ દેશમાં થયેલા વિકાસની વાત કરી હતી અને સૌએ સાથે મળીને 'અબ કી બાર ૪૦૦ પાર' ના સ્વપ્નને સાકાર કરવાનો નિર્ધાર કર્યો હતો.





## વિક્રોલીના ભૂતપૂર્વ વિધાનસભ્ય મંગેશ સાંગળેના કાર્યાલયમાં મિહિર કોટેચાએ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ કર્યો



આગામી લોકસભાની તૈયારીરૂપે વિક્રોલીના વિધાનસભ્ય મંગેશકર સાંગળેના કાર્યલયમાં સ્થાનિક પદાધિકારીઓ તથા કાર્યકરો સાથે શુક્રવાર, તા.૨૯ માર્ચના રોજ મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ વાર્તાલાપ કર્યો હતો. આ પ્રસંગે સંસદસભ્ય મનોજ કોટક પણ હાજર રહ્યા હતા.



## વિક્રોલીમાં મિહિર કોટેચાએ પક્ષના પદાધિકારીઓ તથા કાર્યકરો સાથે સંવાદ કર્યો



આગામી લોકસભાની ચૂંટણીઓની તૈયારીરૂપે મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ ૨૯મી માર્ચ, શુક્રવારે વિક્રોલીના વોર્ડ ક્રમ ૧૨૦ના પદાધિકારીઓ તથા કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો.



મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ રવિવારે મુલુંડ વેસ્ટમાં આવેલા બાળરાજેશ્વર મંદિરમાં જઈને મહાદેવની પૂજા-અર્ચના કરી હતી. એ સમયે હાજર રહેલા ભક્તો સાથે પણ એમણે વાતચીત કરી હતી.

રવિવાર તા. ૩૧મી માર્ચના રોજ લોકસભાના ઉમેદવાર મિહિર કોટેચાએ મુલુંડ પૂર્વમાં આવેલા બાળૂમામા મંદિરમાં આયોજીત સદગુરૂ બાળૂમામા પાલખી પ્રસંગમાં સહભાગી બન્યા હતા. આ પ્રસંગે સાંસદ વિકાલસ મહાત્મે ઉપસ્થિત રહ્યા હતા.





શિવજયંતિ નિમિત્તે ઘાટકોપરમાં ગુરુવાર, ૨૮મી માર્ચે યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપીને ઈશાન્ય મુંબઈના લોકલાડીલા નેતા મિહિર કોટેચાએ શિવવંદના કરી હતી તે વેળાની તસ્વીર.

# જિનેટિક્સ અને કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટઃ આનુવંશિક પરિમાણની શોધખોળ

નેત્ર ચિકિત્સાના નિષ્ણાત તરીકે, કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટેશન પાછળના આનુવંશિક ઘોંઘાટને સમજવું સર્વોપરી છે. આ નિર્ણાયક પ્રક્રિયા સાથે આનુવંશિકતા કેવી રીતે છેદે છે તેનું સંક્ષિપ્ત સંશોધન અહીં છે:




**આનુવંશિક પરિબળો : ટ્રાન્સપ્લાન્ટની યોગ્યતાને પ્રભાવિત કરે છે**

કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટેશનની યોગ્યતા નક્કી કરવામાં આનુવંશિક ભિન્નતા મુખ્ય ભૂમિકા ભજવે છે. પેશીઓની સુસંગતતા, રોગપ્રતિકારક પ્રતિભાવ અને કોર્નિયાને અસર કરતી અંતર્ગત પરિસ્થિતિઓ જેવા પરિબળો આનુવંશિક મેકઅપ દ્વારા પ્રભાવિત થાય છે. આનુવંશિક માર્કર્સને ઓળખવાથી ટ્રાન્સપ્લાન્ટની સુસંગતતાનું મૂલ્યાંકન કરવામાં અને પરિણામોની આગાહી કરવામાં મદદ મળે છે.

**કોર્નિયલ ડિસ્ટ્રોફીઝ : આનુવંશિક મૂળનો ભેદ ઉકેલવો**

અમુક કોર્નિયલ ડિસ્ટ્રોફી, જેમ કે ફુક્સ એન્ડોથેલિયલ ડિસ્ટ્રોફી અને કેરાટોકોનસ, આનુવંશિક આધાર ધરાવે છે. આ સ્થિતિઓ સાથે સંકળાયેલ આનુવંશિક પરિવર્તનોને સમજવાથી માત્ર વહેલા નિદાન અને હસ્તક્ષેપની સુવિધા જ નહીં પરંતુ કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટેશનની જરૂરિયાત અને સમય અંગે નિર્ણય લેવાની પણ માહિતી મળે છે.

**ઈમ્યુનોજેનેટિક્સ : રોગપ્રતિકારક પ્રતિભાવ નેવિગેટ કરવું**

કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટેશનની સફળતા રોગપ્રતિકારક શક્તિના અસ્વીકારને ઘટાડવા પર આધારિત છે. આનુવંશિક પરિબળો દાતાની પેશીઓ માટે પ્રાપ્તકર્તાની રોગપ્રતિકારક પ્રતિક્રિયાને પ્રભાવિત કરે છે, ટ્રાન્સપ્લાન્ટના અસ્તિત્વને અસર કરે છે. આનુવંશિક સુસંગતતા પર આધારિત દાતા કોર્નિયા સાથે મેળ અસ્વીકારના જોખમને ઘટાડે છે અને લાંબા ગાળાના પરિણામોમાં સુધારો કરે છે.

**ચોકસાઈ દવા : ટેલરિંગ સારવાર અભિગમ**

આનુવંશિક સંશોધનમાં થયેલી પ્રગતિઓ કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટેશનમાં ચોક્કસ દવાના અભિગમો માટે વચન આપે છે. આનુવંશિક રૂપરેખાઓનું પૃથ્થકરણ કરીને, ચિકિત્સકો ઇમ્યુનોસપ્રેસિવ રેજીમેન્સ કસ્ટમાઇઝ કરી શકે છે, દાતા-પ્રાપ્તકર્તા મેચિંગને ઑપ્ટિમાઇઝ કરી શકે છે અને વ્યક્તિગત પરિણામોની આગાહી કરી શકે છે, ટ્રાન્સપ્લાન્ટની સફળતાના દરને મહત્તમ કરી શકે છે.

**આનુવંશિક આંતરદૃષ્ટિ દ્વારા દર્દી સશક્તિકરણ**

કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટેશનના આનુવંશિક પાસાઓ વિશે દર્દીઓને શિક્ષિત કરવાથી તેઓને જાણકાર નિર્ણયો લેવા અને તેમની સંભાળમાં સક્રિયપણે ભાગ લેવાની શક્તિ મળે છે. આનુવંશિક વલણ, જોખમો અને સંભવિત પરિણામોને સમજવું દર્દીઓ અને આરોગ્યસંભાળ પ્રદાતાઓ વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપે છે, એકંદર સારવારની અસરકારકતા અને સંતોષમાં વધારો કરે છે.

નિષ્કર્ષમાં, દાતા-પ્રાપ્તકર્તા મેચિંગથી ઇમ્યુન રિસ્પોન્સ મોડ્યુલેશન સુધી કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટેશનમાં જીનેટિક્સ બહુપક્ષીય ભૂમિકા ભજવે છે. આનુવંશિક આંતરદૃષ્ટિને અપનાવીને, અમે વ્યક્તિગત અભિગમો તરફ આગળ વધીએ છીએ જે ટ્રાન્સપ્લાન્ટ પરિણામોને શ્રેષ્ઠ બનાવે છે અને આ પરિવર્તનની પ્રક્રિયામાંથી પસાર થતી વ્યક્તિઓ માટે જીવનની ગુણવત્તામાં સુધારો કરે છે.

# દીપમ ગૃહ મંદિરમ્ દ્વારા કેરી વિતરણ



કેરીની સીઝન સ્ટાર્ટ થઈ છે ત્યારે જ દીપમના આયોજકો દ્વારા ''પહેલા મારા સાધર્મિક પછી હું... ના અભિયાન'' સાથે કેરી વિતરણ ની યોજના બનાવવામાં આવી હતી.

મુલુંડ, ભાંડુપ, વિક્રોલી, ડોબિંવલી અને ચેકનાકાથી જૈન સાધર્મિક ભાઈઓ માટે તથા આજુબાજુ વસતા પરિવાર અને દીપમ તથા સર્વોદય દેરાસરના તમામ સ્ટાફને માટે આ આયોજન થયું.

રત્નાગીરીથી શ્રેષ્ઠ હાફૂસ મંગાવીને દરેક સાધર્મિકને યોગ્ય સંઘપૂજન કરી બહુમાન સહિત એમને ભેટ અર્પણ કરવામાં આવી, અને ટોટલ ૨૫૦ હાફૂસ કેરીના બોક્ષનું વિતરણ કરવામાં આવ્યું. આ સેવાકાર્યમાં દીપમનાં દીપ્તિબેન ચરલાને wtsp ગ્રુપના ભાઈ બહેનોનો અમૂલ્ય સાથ સહકાર મળ્યો જે સર્વ કાર્ય સરસ રીતે પૂર્ણ થયું હતું.



# માતાની હયાતીમાં પ્રેમ, સમર્પણ, ઉપકારના ગુણગાન 'પ્રેમની પરબ માતા પિતા' માં અદ્‌ભૂત રીતે ગવાયા



સર્વોદય નગર, મુલુંડ વેસ્ટમાં રહેતા ઘોઘારી વિશા શ્રીમાળી જૈન સમાજના ૯૨ વર્ષીય માતુશ્રી પદમાબેન મનસુખલાલ શાહ જસપરાવાળા જીવન સંસારની જવાબદારીઓનું વહન કરવાની સાથો સાથ ધર્મ તપમાં રમમાણ રહેનારા શ્રાવિકા છે. તેમણે પૂર્ણ કરેલા તપોની યાદી દીર્ઘ છે. જેમાં મહામૃત્યુજંય તપ, વર્ષીતપ, ધર્મચક્ર તપ, વીસ સ્થાનક તપ, શત્રુંજ્ય તપ (બે વાર), ઉપધાન તપ (૩ વાર), ૧૬ ઉપવાસ, ૩૫ આયંબિલ ઓળી, પાંચવાર અઠ્ઠાઈ, ૮૫ વર્ષની ઉંમરે પાલિતાણા તળેટીની ૯૯ યાત્રા, ૩ વખત સિધ્ધિતપ, ૫૦૦ આયંબિલ ક્ષીર સમુદ્રતપ, અક્ષય નિધિ તપ, ૫૦ વાર અઠ્ઠમ, ૨૪ તીર્થંકર તપ ઈત્યાદી ઉપરાંત નાની મોટી અઢળક તપશ્ર્ચર્યાઓ કરી છે તેની કોઈ ગણત્રી રાખી નથી.



પદ્માબેન મનસુખલાલ શાહ

સ્વજનની ગેરહાજરીમાં પ્રશસ્તી કરાય રૂઢિગત આચરણ છે. પરંતુ જીવતે જીવ પરિવાર માટે સંતાનો માટે અખૂટ સમર્પણ કરનાર જનનીના ત્યાગ, હેત ભાવ અને મમતા આચરણ વહાલપની હેલી વરસાવનારી માડીની હાજરીમાં તેમણે કરેલા ઉપકારોનું સંતાનો ગુણ ગાન કરે તો વડીલ માતુશ્રી ધન્યતા અનુભવે, પરિવારની પ્રશંસાથી પોરસાય સાથે સાથે આજની પેઢીને પણ વડીલ પ્રત્યે અહોભાવ જાગે.

આ ઉદ્દેશ સાથેનો અનોખો કાર્યક્રમ રવિવાર, તા.૩૧ માર્ચના (અશોક હોલ), જીવરાજ ભાણજી હોલ સ્થળે 'પ્રેમની પરબ માતા પિતા' શિર્ષક હેઠળ સફળ પ્રવક્તા, પ્રભાવી વકતા ઉત્તમ છેડાના કાબેલ સંચાલનથી ભાવવાહી શૈલીમાં માતુશ્રીના પુત્રો પીયૂષ અને વિપુલ તથા પુત્ર વધૂઓની પહેલથી યોજ્યો હતો.

સમગ્ર કાર્યક્રમ માતાના સંસ્કાર, ઉપકારના ગુણગાન કરવાની સાથો સાથ શ્રાવિકા તરીકે કરેલ ધર્મતપની અનુમોદના માટેનો હતો.

ઉપસ્થિતજનો આ કાર્યક્રમ ભાવ વિહોર હૃદયે માણ્યો અને સજળ આંખે નિહાળ્યો અને ધન્ય ધન્ય લાગણી અનુભવી હતી.

## સૌ સન્નારીઓના સમર્પણને વંદન

દાદા કહે દાળ ભાતને દાદી કહે ખિચડી કઢી,  
બાળકોને ભાવે ફાસ્ટફૂડ, રોજ રોજ રાંધવાની રામાયણ.  
પતિ કહે છોલે પૂરી, દીકરો કહે પાણી પુરી,  
એમાં પિસાય બિચારી નારી, રોજ રોજ રાંધવાની રામાયણ.  
એક કહે ઢોકળાને બીજો કહે ભજિયા,  
એમ થાય, રોજ કજિયા, રોજ રોજ રાંધવાની રામાયણ.  
એકને ભાવે ચાઈનીઝ, બીજાને ભાવે પંજાબી,  
ત્રીજાને ભાવે ગુજરાતી ફુડ, રોજ રોજ રાંધવાની રામાયણ.  
ઘરડા કહે ચાલશેને પતિ કહે ફાવશે.  
પણ બાળકોનો રોજ રોજ કકળાટ, રોજ રોજ રાંધવાની રામાયણ.  
ધન્ય છે એ નારીને બધાને સાચવે,  
જિંદગીને ખુશીઓથી છલકાવે, રોજ રોજ રાંધવાની રામાયણ.  
Home to Hotel and Hotel to Hospital  
જેટલું ઘરમાં સાફ અને ધોઈને બનાવતી નારીને ધન્ય છે.  
સૌ સન્નારીના સમર્પણને વંદન.

**- જસ્મીન જયંત છેડા**


આપના પ્રસંગોને યાદગાર બનાવો
• લગ્નગીત • બર્થ ડે પાર્ટી
• સંગીતસંધ્યા • સાંજી ગીત
• ડી.જે.પાર્ટી • ડોલી
• જૈન સ્તવન તેમજ
• પ્રાર્થના સભા
(ઓનલાઈન પણ)
• સ્પે.એન્ટ્રી ફોર કપલ
હિના ઠક્કર
9221240755, 9769305488






8879753249 / 9323953249
Roxy®
Since 1967
ISO 9001 : 2015 certified
LIBRARY
PRESERVING THE HABIT OF READING
Just Pay Rs. 500/-
Read as many Books as you want*
Shop No. 21, Trivrdi Tower,
J. N. Road, Station Road,
Mulund (West), Mumbai - 400 080.
Follow On Instagram
@roxytoylib @roxybooksandlibrary
** Our Branches Mulund / Thane / Dadar



Mulund (East)
Discounted Health Checkup
BLOOD TEST PACKAGE
AT Rs.1500/- only
TEST
▪ CBC ▪ VIT. D3
▪ T3, T4, TSH ▪ HbA1c
▪ VIT. B12 ▪ LIPID PROFILE
Note :
• Special Discount on other Blood Test Also,
• Offer Valid for Limited Period.
Mulund (East)
NEAR RLY. STATION
SINCE 1963
@Dr.JAYANT MANDOT
Pathology Lab
Mulund (East).
Address: 102, Jai Laxminarayan Bldg.,
Opp.Prashant Hotel, L.T.Road, Mulund (East).
Home Visit Available in Mulund
Contact : 022-2163 7380, 87792 00271



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૩ એપ્રિલ – ૯ એપ્રિલ ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** હાલ તમે લાગણીઓ સાથે સમજૂતી કરી શકતા નહી હો એમ દેખાય છે. જીવનની ફિલસૂફી વિશે વિચારવાના દિવસો છે. ખુદને સારી રીતે સમજવાના પ્રયાસમાં અંતરના ઊંડાણમાં ઊતરી શકશો. મિત્રો તરફથી સપોર્ટ મળી રહેશે. તમારી સમસ્યાનો તદ્દન જુદો જ ઊકેલ તેઓ બતાવી શકશે. મક્કમતાથી કાર્ય કરવા વર્તમાન સમય એકદમ શુભ જણાય છે. પહેલુ સુખ તે જાતે નર્યાની કહેવત યાદ રાખજો. ભાગદોડ ઓછી કરી, તબિયતનું ખાસ ધ્યાન રાખવાની સલાહ છે. નવા વાહનને ખરીદવાનો વિચાર સારો છે. **સ્ત્રીવર્ગ માટે :** જેના પર તમારો અધિકાર હોય એ માટે લડત ચલાવો, સમજ્યાને ?

**વૃષભ (બ,વ,ઉ) :** વર્તમાન સમય દીર્ઘકાલિન સંબંધોનો પાયો રચવાનો છે. ફેમિલીની કાળજી અને ધ્યાન રાખવા તૈયાર રહેજો. હાલ ફેમિલીના સભ્યો સાથે સ્પષ્ટ અને નિખાલસતાપૂર્વક વાત કરવાનો પ્રસંગ ઊભો થશે. સારું શું અને ખરાબ શું એ ન જાણતા લોકોને હ્રદયપૂર્વક માફ કરો એવી મારી સલાહ છે. આગામી સમય દરમ્યાન આર્થિક સ્થિતિ સ્થિર રહેશે. યોગ્ય નિર્ણય લઈ શકશો અને આર્થિક સ્થિતિ વધુ સધ્ધર બનાવી શકશો એમ જણાય છે. જીવનના દરેક ક્ષેત્રમાં સ્થિરતા અને સમતુલા સ્થપાતી જશે. અવારનવાર શરીર કે પગ દુખે તો ડોક્ટરને કન્સલ્ટ કરો. **સ્ત્રીવર્ગ માટે :** માત્ર જરૂર પૂરતો જ ખર્ચ કરો.

**મિથુન (ક,છ,ઘ) :** તમારી માનસિક નબળાઈને લીધે ભૂતકાળ તમને મૂંઝવી રહ્યો છે. આધ્યાત્મિક વિકાસ અવરોધતી લાગણીઓને ઓળખી લેવાનો સમય છે. મક્કમ નિર્ણયો સાથે લક્ષ્યો પાર પાડવા ખુદને તૈયાર કરો એવી મારી સલાહ છે. બ્રહ્માંડની શક્તિઓ નવી તકો અને વિકલ્પો ઊભા કરી રહી છે એનો ઊપયોગ કરો. કેવળ વાતો કરવાથી કે વિચારવાથી નહીં ચાલે. યુવાનોને જેમના સંગાથમાં સારુ લાગતુ હોય તેમની સાથે ભલે સમય વિતાવે પણ ખોટી આદતો શીખવતા મિત્રોથી દૂર રહેવું. અચાનક યાત્રા- પ્રવાસના યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** હાલનો સમય વિલંબનો છે માટે પરિણામ મેળવવામાં ઊતાવળ ન કરવી.

**કર્ક (ડ,હ) :** માર્ગમાં આમ તો કોઈ અવરોધ નથી, પણ તમારા પ્લાનમાં આગળ વધતા કોઈ રોકી રહ્યું છે એમ લાગ્યા કરે. આ માત્ર તમારો વહેમ છે કે ખરેખર બ્રહ્માંડની શક્તિઓ તમને કોઈ સંકેત આપી રહી છે, તે જાણવા પ્રયાસ કરો. તમારા પ્લાનને ફરી યોગ્ય પ્રકારે ઘડો અને એને લગતી બાબતો ગુપ્ત રાખો. આમ કરવાથી હાથ બહાર ચાલી ગયેલી એક પરિસ્થિતિ ઊકેલાઈ જશે એમ દેખાય છે. વધારાના પૈસા આવશે અને પ્રોપર્ટી ખરીદવા માટે પણ યોગ્ય સમય છે. બ્લડપ્રેશર ચેક કરાવતા રહેજો અને ખોરાક અને કસરત વચ્ચે સમતુલા જાળવજો. **સ્ત્રીવર્ગ માટે :** અન્ય લોકોની સમસ્યામાં સામેલ ન થશો.

**સિંહ (મ,ટ)** : તમારા શ્રેષ્ઠ આઈડિયાને લોકો ધારણા મુજબનો પ્રતિસાદ ન આપે તો માઠુ ન લગાડશો. કેટલાક લોકો અચાનક પરિવર્તનો સ્વીકારી નથી શકતા. બળથી નહી કળથી કામ કરવાનો સમય છે. છેલ્લા ઘણા વર્ષોથી જે સંપર્કો જાળવ્યા હશે એ મનસૂબાઓ પાર પાડવામાં મદદરૂપ બનશે. હાલ તમારી માટે કેવળ લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત રાખવાનું અત્યંત મહત્વનું રહેશે. ફાઈનેન્શિયલ સ્થિતિ મજબૂત બનાવવા નિયમિત રોકાણ કરતા રહેવાની સલાહ છે. જોકે ઝડપથી પૈસાદાર બનાવે એવી સ્કીમોમાં ઈન્વેસ્ટ કરવાનું કોઈપણ ભોગે ટાળજો. **સ્ત્રીવર્ગ માટે :** કોઈ સમસ્યા ન હોય ત્યાં કાલ્પનિક ભયથી પીડાશો નહી.

**કન્યા (પ,ઠ,ણ)** : અગાઊ ઘણી વખત હાથ દાઝ્યા હોય પછી ફરી એ જ ભૂલ કરવામાં કોઈ શાણપણ નથી એ સમજી લેવાનો સમય છે. કામકાજમાં હાલ અત્યંત વ્યસ્ત રહેશો. તમારા માટે સમય ફાળવવાનો મુદ્દો યુધ્ધના ધોરણે હલ કરવાની સલાહ છે. ફેમિલીમાં એક યુવાન મેમ્બરની આ સમયે ખાસ કાળજી લેવી પડશે. તેમની સાથે ઊશ્કેરાટથી નહી પરંતુ પ્રેમથી વાત કરશો તો સારા પરિણામો મળી રહેશે. લોકો સાથે વધુ સાવચેતીથી અને કૂનહેથી વર્તશો તો સંબંધો સુધરશે એમ જણાય છે. અણધાર્યા વર્તુળોમાંથી મદદ મળી રહેશે. **સ્ત્રીવર્ગ માટે :** જે મળ્યું છે એનો આનંદ માણો અને ઈશ્વરનો ઋણ સ્વીકારો.

**તુલા (ર,ત)** : હાલ કોઈ પણ સમસ્યાનો તાર્કિક ઊકેલ ટાળશો તો આગમાં કૂદી પડવા જેવું થશે. ફાઈનેન્સ સંબંધી કોઈપણ અગત્યનો નિર્ણય ઊતાવળે ન લેજો એવી મારી સલાહ છે. બિઝનેસમાં પ્રતિસ્પર્ધીઓથી આગળ રહેવા હરીફાઈનો સામનો કરવો પડશે. લોકોને શીખામણ આપવાના અને માગે ત્યારે સલાહ આપવાના અભિગમને કારણે નવા મિત્રો બનાવી શકશો એમ દેખાય છે. એક તરફ નવા ઘર કે જગાની શોધ શરૂ થશે અને બીજી તરફ પૈસા છૂટા થવામાં વિલંબ થશે. આરોગ્યની ખાસ કાળજી લેજો. **સ્ત્રીવર્ગ માટે :** ભૂલી જાઓ અને માફ કરી દો ની ભાવના રાખો, સમજ્યાને?

**વૃશ્ચિક (ન,ય)** : કેટલીક હકીકતો પ્રત્યે અવાસ્તવિક બનો એવી શક્યતા છે. મહત્વકાંક્ષાઓ વિશે સમાધાન કરીને જીવનમાં નવી શરૂઆત કરો એવી મારી સલાહ છે. નોકરીમાં પગાર વધારાની અપેક્ષા રાખી શકો છો. કામકાજ અર્થે વિદેશ પ્રવાસનું પ્લાનિંગ થઈ શકે છે. અપરિણીતોને એક નવો મિત્ર મળવાની શક્યતા છે. યોગ અને ધ્યાનની સાધના મૈત્રી અને તંદુરસ્તી જાળવવામાં મદદરૂપ બનશે. કલ્પના પણ ન હોય એવા લોકો તરફથી તમને મદદ મળી રહેશે. ચર્ચાઓ કરવાને બદલે હાલનો સમય કાર્ય કરવાનો છે, સમજ્યાને? **સ્ત્રીવર્ગ માટે :** નાહકની ટીકાટિપ્પણી કરવાને બદલે સપોર્ટિવ નેચર રાખો તો સારું.


**ધન (ભ,ધ,ફ,ઢ)** : હાલનો સમય આત્મમંથનનો છે. કર્મના સિધ્ધાતમાં માનતા હો તો ધ્યાનમાં રાખજો કે પ્રત્યેક એક્શનનું રિએક્શન હોય જ છે. ખુદને સાચી રીતે ઓળખી લેવાનો સમય છે. અન્ય લોકો શું કરે છે એને મહત્વ ન આપો. તમે હાલ શું કરી રહ્યા છો એ વધુ અગત્યનું છે. જીવન-મૃત્યુના આ અનંત ફેરામાંથી મુક્તિ મેળવવા સદ્કર્મો કરતા રહેવાની સલાહ છે. પરિવારમાં એક પ્રસંગની ઊજવણીથી સંબંધો દઢ બનશે એમ દેખાય છે. બિઝનેસમાં અગાઉ અજમાવી ચૂકેલા આઈડિયા સારુ પરિણામ આપશે, કોઈ નવા અખતરા માટે યોગ્ય સમય નથી. **સ્ત્રીવર્ગ માટે :** લાગણીઓ સમતોલ રાખો અને પ્રેક્ટિકલ બનો.

**મકર (ખ,જ)** : તકો ઝડપીને સ્વપ્નો પૂરા કરવા ઈચ્છી રહ્યા છો. સાથોસાથ શું અવાસ્તવિક છે અને શું ઉપયોગી છે એ પણ તમે જાણો છો. જીવનમાં પ્રણયના નવા અંકુરો ખીલશે. બંન્ને પક્ષે એક સરખુ આકર્ષણ રહેશે એમ દેખાય છે. વેપારમાં વધારો થશે અને અચાનક ધનલાભ થવાની શક્યતા છે. જીવનમાં હાલનો સમય લકી અને સંતોષજનક રહેશે. રિયલ એસ્ટેટની ખરીદી, ઈન્ટીરિયર ડેકોરેશન કે પછી સમારકામ માટે ખર્ચ કરવો પડશે. યોગ્ય પ્લાનિંગ અને સૂઝબૂજ દ્વારા સફળતા મેળવી શકશો. મિત્રો સાથે સારો સમય વિતાવી શકશો. **સ્ત્રીવર્ગ માટે :** મૂંઝવણ ઊભી થાય ત્યારે તમારી પ્રેરણાનો સહારો લેજો.

**કુંભ (ગ,સ,શ,ષ)** : મનમાં જે વિચારો રમી રહ્યા હોય એમાં આગળ વધી શકો છો. જોકે પહેલા એના આર્થિક પાસાની પાકી ગણતરી કરી લેવાની સલાહ છે. કર્મની નવી ગતિ શરૂ થઈ રહી છે અને એની સાથે કેટલાક સારા-નરસા પરિવર્તનો પણ આવશે. કેટલાક સમયથી મૂંઝવી રહેલી એક સમસ્યાનો ઊકેલ સૂઝી આવશે. અત્યાર સુધીમાં તમે જે સિધ્ધિ પ્રાપ્ત કરી છે એની સમીક્ષા કરીને નવા બિઝનેસની શક્યતાઓ વિશે વિચારવું પડશે. અસ્વસ્થતાનો સમય પૂરો થયો છે. પ્રિયજન અને પરિવારના સભ્યો ફરી તમારી નિકટ આવશે એમ જણાય છે. **સ્ત્રીવર્ગ માટે :** કાળજી લેવાના ગુણને અસરકારક રીતે વ્યકત કરો.

**મીન (દ,ચ,ઝ,થ)** : સામેની વ્યક્તિ ભલે આકરા વેણ ઊચ્ચારતી હોય, તેના હ્રદયમાં પ્રેમ ભરેલો છે એ તમે જાણો છો. અમંગળ વિચારો ન કરો અને કોઈપણ ઊગ્ર પ્રત્યાઘાત આપવાનું ટાળો એવી મારી સલાહ છે. તમારા પ્રયાસો અને સૂઝબૂજથી યોગ્ય સોદા કરીને સફળતા મેળવી શકશો. હાલ ખુદના અધિકાર માટે ઊભા રહેવાનું વલણ યોગ્ય જ છે. જોકે કોઈપણ વલણ અપનાવતા પહેલા સંપૂર્ણ પરિસ્થિતિને ધ્યાનમાં લેવા પ્રયાસ કરવાની સલાહ છે. નરમ વલણ લાંબા ગાળે વધુ ફાયદો અપાવશે એમ જણાય છે. કાર કે લેપટોપ ખરીદવાનો વિચાર સારો છે. **સ્ત્રીવર્ગ માટે :** ઝઘડાળુ વૃત્તિ ધરાવતા લોકોને ટાળજો અને પોઝિટીવ વિચારો કરતા રહેજો.

## મીઠું (નમક) SALT



દરેક વ્યક્તિને જીવવા માટે થોડા સોડિયમની જરૂર પડે છે. તેથી કુદરતે લગભગ દરેક ખાદ્ય પદાર્થમાં તેને ખનિજ તરીકે નાખેલ છે. તે શાકભાજી, ફ ળો, અનાજ, કઠોળ, દૂધ વગેરેમાં તે જુદાં જુદાં પ્રમાણમાં હોય છે. આપણે રોજિંદા જીવનમાં મીઠું વાપરીએ છીએ તે સોડિયમ ક્લોરાઈડમાં સોડિયમ ૪0% અને ક્લોરાઈડ ૬0% છે.

સોડિયમ લોહીમાં બ્લડપ્રેશર અને બ્લડ વૉલ્યૂમને સામાન્ય સ્થિતિમાં જાળવી રાખવાનું કામ કરે છે. સ્નાયુઓ અને જ્ઞાનતંતુઓ યોગ્ય કામગીરી બજાવી શકે તે માટે સોડિયમની જરૂર પડે છે. તે શરીરના ટિસ્યૂઓમાં પાણીનું સંતુલન જાળવે છે.

દર ૧૦૦૦ કેલરીએ ૧૦૦૦ મિલિગ્રામ સોડિયમ લેવું જોઈએ. પણ ૩૦૦૦ મિલિગ્રામથી વધારે નહીં લેવું જોઈએ. હાઈ બ્લડ પ્રેશર, હૃદયરોગ, પક્ષઘાત (લકવા) અને કિડનીના રોગોમાં મીઠાનો અતિરેક કારણભૂત ગણાયો છે. નાનપણની ટેવને બદલાવાના બધા પ્રત્યનો કરો.

૧) જમતી વખતે ઉપરથી મીઠું લેવાની ટેવ કાઢી નાખો.

૨) રોટલી, ભાત, છાશ, કચુંબર (ટમાટા, કોબી, કાકડી, કાંદા વગેરે)માં બિનજરૂરી ઉપયોગ ન કરીએ.

૩) કોથમીર-મરચા, લીંબુ વાપરવાથી મીઠાની ઊણપ નહીં જણાશે. ૪) પાપડ, અથાણા, ચટણી, સોસ, ગાંઠીયા, ચવાણું, ચેવડો, સેવમાં મીઠાનું પ્રમાણ વધારે હોય છે. ઓછા અથવા બંધ કરવા. કેટલીક વાનગીઓ બનાવતી વખતે તેમાં કોથમીર, લીલા મરચાં, લીંબુ, તજ, લવિંગ, મરી, જીરું, મેથી, હિંગ, લસણ, ડુંગળી (કાંદા) વગેરે સ્વાદ વધારનારા મસાલા જુદા જુદા પ્રમાણ અને જુદા જુદા મિશ્રણમાં નાખવાથી મીઠું ઓછું નાખ્યું હોય અથવા ન પણ નાખ્યું હોય તો આપણી સ્વાદગ્રંથિ તે સ્વીકારી લે છે.

જુદા જુદા નામથી આવતું દરેક પ્રકારનું સોડિયમ સ્વાદમાં મીઠા જેવું હોતું નથી. છતાં પણ તે સોડિયમના ગુણધર્મ ધરાવે છે. પેક કરેલા તૈયાર પદાર્થો, બિસ્કિટ, બટર, ચીઝ, હળવા પીણા, આઈસ્ક્રીમ વગેરેમાં આવતું સોડિયમનું પ્રમાણ ગણતરીમાં લો.

એક ચમચી મીઠામાં ૨૦૦૦ મિલીગ્રામ જેટલું સોડિયમનું પ્રમાણ હોય છે. તેના ઉપરથી રોજિંદા વપરાશનો અંદાજ કાઢો.

તૈયાર ખાદ્ય પદાર્થોમાં જુદા જુદા નામથી સોડિયમ નાખવામાં આવે છે તેને ઓળખો.

મોનો સોડિયમ ગ્લુટામેટ : સ્વાદ તથા સોડમ સુગંધ વધારવા
સોડિયમ બેન્ઝોએટ : પદાર્થોની જાળવણી માટે
સોડિયમ કેસીનેટ : ઘટ્ટતા લાવવા.
સોડિયમ સાઈટ્રેટ : હળવા પીણામાં એસિડિટી કંટ્રોલ કરવા
સોડિયમ ફૉસ્ફેટ : ઘટ્ટતા લાવવા
સોડિયમ સેકેરીન : કુત્રિમ ગળપણ માટે
સોડિયમ પ્રોપિયોનેટ : ઘનતા અટકાવવા
સોડિયમ બાઈકાર્બોનેટ : અનાજ ઝડપી રાંધવા
સોડા એશ : પોચાપણું લાવવા.

કેટલી દવાઓમાં સોડિયમનું પ્રમાણ હોય છે. ડૉક્ટર સાથે ચર્ચા કરીને ઉપયોગ કરવો. ખાસ કરીને પેન ક્લિર અને સ્ટેરોઈડ નામની દવા શરીરમાં મીઠાને પાણી સાથે સંગ્રહી નાખે છે. તેથી બ્લડ પ્રેશર વધવા સંભવ છે.

બીમાર પડ્યા પછી પરાણે અંકુશ મૂકવો પડે તે કરતાં પહેલેથી મીઠાનું પ્રમાણ ઘટાડવાથી રોગો આવતા અટકાવી શકાશે. દવા પાછળ થતો ખર્ચ બચાવી શકાશે અને તંદુરસ્તીભર્યું લાંબું જીવન જીવી શકાશે એવું બધા ડૉક્ટરોના અનુભવો કહે છે.

– ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEM (Mum.)
Ph.: 8779985316

# સંયમ જીવનની તત્પરતાને ઓળખીએ (પાર્ટ ૨)



## સંગિની સૌરભ

સંકલન - હિના પારેખ
મો.૯૯૬૭૪૫૯૫૧૫



- બીના કીર્તિ શાહ

જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો દીક્ષા ગ્રહણ કરે ત્યારથી મરણ પર્યંત સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળે છે. ત્યાં સુધી કે સાધુ ભગવંતો પોતાનાં સંસારી અવસ્થાના માતુશ્રી, બહેન કે પુત્રીને પણ અડી શકતા નથી. જૈન સાધુ અપરિગ્રહનું વ્રત લેતા હોવાથી તેઓ પોતાની પાસે કોઇ રૂપિયા, સોનું, ચાંદી, દાગીના, જમીન, ફ્લેટ વગરે રાખતા નથી. તેમનું બેન્કમાં ખાતું નથી હોતું કે શેરમાં રોકાણ નથી હોતું, માટે સેન્સેક્સમાં વધઘટની ચિંતા તેઓ કરતા નથી. તેમને દારૂ, સિગારેટ, તમાકુ, ગુટકા વગેરેની કોઇ જરૂર પડતી નથી. સમગ્ર ભારતમાં તેઓ પગપાળા જ વિહાર કરે છે....તમામ પ્રકારની ભૌતિક સુખસુવિધાઓ વગર પણ જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોના ચહેરા પર કાયમ પ્રસન્નતા અને મનમાં પરમ શાંતિ જોવા મળે છે, તેનું કારણ એ છે કે તેઓ તમામ પ્રકારની અપેક્ષાઓથી મુક્ત થઇ ગયા છે, જે દુ:ખનું મુખ્ય કારણ છે. સમાજથી દૂર રહેવા છતાં તેઓ સમાજની નાડ બરાબર પારખે છે, માટે યુવાનોથી માંડીને બાળકોને અને વેપારીઓથી માંડીને ઓફિસરોને તેઓ મૂંઝવણમાં સાચું માર્ગદર્શન આપી શકે છે. તેમની પાસે જ્ઞાનનો ખજાનો હોય છે, જેને જોઇને પંડિતો પણ પ્રભાવિત થઇ જાય છે.

જૈન સાધુઓ અદ્ભુત કહી શકાય તેવી વક્તવ્ય કળાના સ્વામી હોય છે. હજારોની મેદનીને તેઓ ડોલાવી શકે છે. ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં ગૌતમ સ્વામીને દીક્ષા આપીને જૈન શ્રમણ સંઘ નામની સંસ્થા સ્થાપી હતી અને તેનું બંધારણ જૈન શાસ્ત્રોના રૂપમાં ઘડ્યું હતું. આ સંસ્થાનો મૂળ ઢાંચો આજે પણ જેમનો તેમ છે. આજે પણ હજારો જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો પંચમહાવ્રતોનું વફાદારીથી પાલન કરીને પોતાના આત્માનું અને જગતના જીવોનું સતત કલ્યાણ કરી રહ્યા છે.

નવી પેઢીના સેંકડો યુવકયુવતીઓ આજે પણ ભગવાન મહાવીરના ઉપદેશનું શ્રવણ કરીને દીક્ષા ગ્રહણ કરી રહ્યા છે અને જગતમાં ચારિત્ર્યનો ડંકો વગાડી રહ્યા છે. આધુનિક શિક્ષણના રંગે રંગાયેલા સેંકડો યુવકયુવતીઓ દીક્ષા લેવા તૈયાર થાય છે તે પણ આજના કાળનો ચમત્કાર જ છે.

સાધુ સાધ્વીએ આ દુનિયાની આઠમી અજાયબી ગણવામાં આવે છે. તેમનું જીવન બિલકુલ પ્રકૃતિ સાથે સંકળાયેલા હોય છે. જેવી રીતે આપણે લાઈટ, વાહનનો ઉપયોગ કરીએ છીએ તેવી રીતે જૈન સાધુ સાધ્વી તેનો ઉપયોગ કરતા નથી. તેમનું જીવન એકદમ સાદુ અને પ્રકૃતિ સાથે સંકળાયેલું હોય છે. એમના રહેવાની વ્યવસ્થા કરવામાં આવે છે. ત્યારે તેમની કુટીરમાં પણ તેમને પ્રકૃતિ દ્વારા તૈયાર કરવામાં આવેલી વસ્તુઓનો જ ઉપયોગ કરી રહ્યા છે. તેમની અંદર કુદરત દ્વારા મળવામાં આવતો પ્રકાશનો જ ઉપયોગ કરે છે. બાકી ઈલેક્ટ્રીક એક પણ બલ્બનો કે પંખાનો ઉપયોગ કરવામાં આવતો નથી.


જૈન સાધુ-સાધ્વીજીઓ જે નિર્દોષ આહાર-પાણી વહોરે (ભિક્ષા લે) તેને ગૌચરી કહે છે. જેમ ગાય ગૌચરનું ઘાસ થોડું થોડું ઉપરથી જ લે છે અને ઘાસના મૂળને લગીરે નુકસાન ન પહોંચાડે તેમ જૈન સાધુઓ દરેક ઘરમાંથી થોડા થોડા આહાર-પાણી, ઔષધ વગેરે લે છે ત્યારે તે ગૌચરી વહોરાવનાર ઘરની પરિસ્થિતિ, સમય વગેરેને વિવેકપૂર્વક ધ્યાનમાં લે છે. જૈન સંતોને નિયમ પ્રમાણે નિર્દોષ ગૌચરી ન મળે તો ઉપવાસ વગેરેના પ્રત્યાખ્યાન લઈ લે છે. નિર્દોષ આહાર ન મળવાને કારણે જૈન સાધુઓને કેટલાય દિવસ, મહિના અને વર્ષના તપ થયાનું જૈન ઈતિહાસમાં નોંધાયેલું છે. પૂ. સાધુ-સાધ્વીજીઓને નિર્દોષ, સુઝતા આહાર પાણી અંતરના ઉલ્લાસભાવથી વહોરાવવાનો,

ખૂબ લખો તો ખૂટે નહિ, એવું જીવન કોઈ લૂંટે નહિ

ધર્મ ની પતાકા ભૂલે નહિ, જેમનું ધ્યેય કદી તૂટે નહિ એવા યશ વીરલાઓ મળ્યા છે જૈન શાસન ને બસ તેમનું જતન કરી આવનાર પેઢી ને આ કળયુગ માં સુરક્ષિત કરીએ એજ અભ્યર્થના.

જીનાજ્ઞ વિરૂદ્ધ કંઈ પણ લખાયું હોય હોય તો મિચ્છામી દુક્કડમ.

## હાઈકુ



કવિયત્રી
મંજુલા રાંભિયા

વિચ્છેદ થયો,
સંબંધોની લાશને
સ્મશાને છોડો

પાથરી જાણે
ટહુકો, ખીલવાની
જ ત્યાં વસંત.

ચળકાટ ને
મળવું છે?
તો કાઢો
કાટમાળને.

ભેદભાવના
બીજથી બાળકીઓ
ખીલી ના શકે.

અંધકારના
ઘોડે બેસી, થાય ના
યાત્રા સૂર્યની.

તું મારી વાત
વાંચે, ત્યારે હું તારો
ચહેરો વાંચું.


વાંચન શોખ,
બદલાઈ જાય છે
દશા ને દિશા.





AquaHeal PHYSIOTHERAPY

તમારી સાંધા અને સ્નાયુઓની ઈજાને મેડિસીન અથવા સર્જરી વગર માત આપો

ડૉ. પ્રણાલી ગોગરી-છેડાના માર્ગદર્શનમાં એક્વા - ફિઝીયોથેરેપી દ્વારા



શું તમને...
૧. ઘૂંટણનો ઓસ્ટિઓ-આર્થરાઈટીસ છે ?
૨. ડોકટરોએ ચાલવા અથવા સીડી ન ચઢવા કહ્યું છે ?
૩. વજન ઘટાડવાની સૂચના મળી છે ?



માત્ર એક્વા-ફિઝીયોથેરાપી થી એનો ઉકેલ લાવી શકાય છે!

સ્નાયુઓને મજબૂત કરવા માટે મુલુંડમાં એકમાત્ર વ્યવસ્થા...
ફ્લોટ હાઉસ ખાતે ઇન્ડોર, તાપમાન-નિયંત્રિત પૂલ.

એક્વા ફિઝીયોથેરાપી ના ફાયદાઓ

- વજન ઘટાડવામાં
- ઇંચ ઘટાડવામાં
- સ્નાયુઓ મજબૂત કરવા માટે
- કાર્યશક્તિ (સ્ટેમિના) વધે છે
- સાંધાઓ પર પડતું દબાણ ઘટે છે અને સોજો ઓછો કરે છે
- સાંધાઓનો દુ:ખાવો ઘટાડે છે

અન્ય વિશિષ્ટ સેવાઓ :

સ્ટ્રોક માટે ન્યુરોફિઝિયોથેરાપી, પાર્કિન્સન રોગ, સંતુલનની સમસ્યા માટે સેવાઓ ઉપલબ્ધ છે

આ ઉપરાંત પ્રેગ્નન્સી ફિટનેસ ક્લાસ પણ ચાલુ છે.

VENUE : THE FLOAT HOUSE

૧૦, બિશેન ઉદ્યોગ પ્રીમાઈસેસ, પી.કે.રોડની સામે, આશા નગરની પાછળ, વેલોક્સ મોટર વર્કશોપની બાજુમાં, મુલુંડ (વે.), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

CALL : 91377 50676



જતીન ચંદન

SHRIJI CATERERS SINCE 1992
CATERERS•EVENTS•DECORATORS

9820291285
9320291285

૫, સરોજ સ્મૃતિ, શિવ મંદિર રોડ, સંગીતાવાડી, ડોમ્બિવલી (ઈ) - ૪૨૧૨૦૧
shrijicaterersdombivli@gmail.com

HORIZON Banquet
હોરીઝોન બેન્કવેટ
માનપાડા રોડ, ડી-માર્ટ પાસે, ડોમ્બિવલી (ઈ.) Mb.: 86920 79888
horizonbanquet11@yahoo.com
www.horizonbanquet.in

IRIS Banquet
આઈરીસ બેન્ક્વેટ અને બાલાજી એ/સી હોલ
પુરષોત્તમ ખેરાજ એસ્ટેટ, ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ,
જ્ઞાન સરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (પ), મુંબઈ ૪૦૦ ૦૮૦
Mb. 9355660011

ON PANEL

શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ
લોહાણા ભવન, પ્લોટ નં. ૧૪, સેક્ટર ૧૦, કોપર ખૈરાને, નવી મુંબઈ - ૪૦૦ ૭૦૯

બાલાજી બેન્કવેટ
બીજો માળ, સત્યધ્યાન વિદ્યાપીઠ, રાઘવેન્દ્ર મઠ (બાલાજી મંદિર),
ડો. આંબેડકર રોડ, મુલુંડ (વે.), મુંબઈ - ૪૦૦ ૦૮૦
Mb. 9820291285 / 9320291285

ધ પેલેસ બેન્કવેટ
વિકાસ સેન્ટર, જંકશન એન.એસ. એન્ડ એસ.એલ. રોડ,
ઈન્ડસઈન્ડ બેંક ઉપર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૮૦.
Mb. 9820291285 / 9320291285


# મારા ડાયરીના થોડા પાનાં : લેખક નજરે ધર્મ અને અહિંસા

જગતમાં અપાર વૈવિધ્ય છે. માણસ જગતનો એક અંશ છે અને એટલે માણસમાં પણ આવા જ અપાર વૈવિધ્યને પૂરેપૂરો અવકાશ હોય છે. આ વૈવિધ્ય એટલે રંગનું રાષ્ટ્રીયતાનું કદનું એમ વિવિધ પ્રકારે હોઈ શકે. એ બાહ્ય વૈવિધ્ય સાથે આંતરિક વૈવિધતા પણ એટલા જ પ્રમાણમાં રહેવાનું. આ જગતમાં આ હજારો વરસોના ઈતિહાસમાં જુદા જુદા ભૂખંડોમાંથી જે જુદા જુદા ધર્મોના ઉદયો થયાં છે.

એ તમામ ધર્મસ્થાપકો પણ અંતે તો માણસ જ હતાં. એમણે દર્શન ભલે સમગ્ર માનવજાતનું કર્યું હોય પણ એમના ચિંતન સામે તો પોતાના તત્કાલીન સમયના માણસો અને પોતાના જ ભૂમિખંડ રહેવાના આ માણસો આ ભૂમિ ઉપર જેવું જીવન અને રહેતા હોય એમાંથી જ આ ધર્મ સંસ્થાપકો એ જે મનોમંથન કર્યું એનો ઉપદેશ એમણે એમના શબ્દોમાં લોકોને આપ્યું હોય.

આવા તમામ ધર્મસ્થાપકોએ માનવજાતના કલ્યાણ માટે જુદી જુદી વાતો કરી છે. પણ એમાંય ક્યાંય પૂર્ણ અહિંસા નો કોઈ બોધ આપ્યો નથી. સહુ ધર્મ સ્થાપકોએ હિંસાને અવશ્ય વખોડી કાઢી છે અને હિંસાથી દૂર રહેવું એવું પણ અવાર નવાર કહ્યું છે. આમ છતાં એમણે ક્યાંય પોતાના અનુયાયીઓનું એવું નથી કહ્યું કે અહિંસા એ જ માત્ર સત્ય પામવાનો પરમ માર્ગ છે.

સત્યને આ સહુએ સ્વીકાર્યું છે. સત્ય વિશે આમાંથી કોઈના ચિત્તમાં મુદ્દલ શંકા નથી. પણ એ સાથે જ પોતે નિર્ધારિત કરેલા સત્યનો માર્ગ જે અશુભકારી તત્ત્વો છે. એના નાશ માટે કાં તો અનુયાયીઓને આદેશ આપ્યો છે. અથવા તો પરમાત્માને પ્રાર્થના કરવાનું કહ્યું છે. આમ બંને રીતે પોતે જેને અશુભ માને છે એ અશુભ પ્રત્યે આચરવી એને પણ ધર્મ માને છે. કહ્યું હોય તો કરી શકાય કે જૈન ધર્મ આમાં અમુક હદે અપવાદ રૂપ છે.




વૈદિક ધર્મ વિશ્વનો પ્રાચીનતમ ધર્મ ગણાયો છે. વેદોથી વધુ પ્રાચીન કોઈ ગ્રંથ હજી સુધી ઉપલબ્ધ થયો નથી. આ વેદોમાં મોટા ભાગના મંત્રો શત્રુઓના નાશ માટે કાં તો પ્રાર્થનાઓ કરવામાં આવી છે. આવા શત્રુ આનાર્યા કહે. દસ્યુઓ કે પછી યજ્ઞ નહિ કરનાર વિરોધીઓ કરે. અથવા દાનવો કે અસુરો તરીકે ઓળખાવે. મૂળવાત શુભ તત્ત્વની અને અશુભ તત્ત્વની પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું અને હિંસાથી એમનો નાશ કરવામાં આવ્યો હતો.

અહિંસાની મૂળ ભાવના વેદોમાં નથી અહિંસા બહેતર છે. એ કબૂલ પણ આવી અહિંસા ઉપર ઘાત કરનારા હિંસાચારીનો નાશ કર્યા વિના અહિંસાની શુભ ભાવના પણ શી રીતે રક્ષિત રહી શકે? દીનકર જોષી કૃષ્ણની હિંસા અને ગાંધીની અહિંસાના એક લેખમાં જણાવે છે કે માત્ર વેદોમાં હિંસાની કે દાનવોની વાત નથી પણ પારસી ધર્મ અહરમઝદ એ અહરિમાન કહે છે.

ખ્રિસ્તી ધર્મ એને ઈશુ અને શૈતાન તરીકે ઓળખાવે છે. તો મુસ્લિમ ધર્મ આ લડાઈ પયંબર અને ઈલ્લિસ તરીકે નામ આપેલ છે. જે જે ધર્મમાં અહિંસાની વાતોનો ઉપદેશ છે એ ધર્મના સંકટ સમયે હિંસાનો ઉપયોગ કરવામાં આવે છે. આ બધા ધર્મમાં અહિંસા માણસ જાત માટે ક્યારેય એના અસ્તિત્વ સાથે જોડાયલા. લક્ષણ તરીકે ઓળખવાઈ નથી. ગાંધીજી અહિંસાને માણસ માટે સહજ અને એને એનું પ્રાથમિક લક્ષણ પણ જ છે. એવું કહે છે પૂર્ણ અહિંસા વિના માણસ માણસ સત્યને પણ પામી ન શકે એવો ગાંધીજીનો તર્ક છે.

જો આ તર્ક સ્વીકારીએ તો વિશ્વના તમામ ધર્મોના જે જે સ્થાપકો અશુભ તત્વોના નાશ માટે હિંસાને પ્રબોધી છે એ સહુ સત્ય સુધી પહોંચ્યા નથી એવું જ અર્થઘટન છે. ગાંધીજીનું ચિંતન આ બધા ધર્મસ્થાપકો કરતા એકવેંત આગળ ગયું છે. રોમા રોલા જેવા જેવા દાર્શનિક પણ ગાંધીજીના આ અર્થઘટનનો સ્વીકાર કરીને એવું કહ્યું છે કે માણસ જાત પાસે હવે માત્ર બે જ વિકલ્પો રહ્યા છે. કાં તો ગાંધીજીની અહિંસા અથવા સર્વનાશ. લૂઈફિશર જેવા વૈશ્વિક સ્તરના પત્રકારે ગાંધી વિશે એનું નોધ્યું છે કે દુનિયાભરનો પ્રવાસ કર્યા પછી હું એવા નિષ્કર્ષ પર આવ્યો છું કે લોકો એ માર્ગદર્શન ત્યા આધ્યાત્મિક અવલંબન માટે ગાંધીજી તરફ મોઢું કરવા વિના ચાલે એમ નથી અહિંસાત્મક પ્રતિકારથી સામેવાળાનું હૃદય પરિવર્તન કરવાની ગાંધી વાત એક રીતે જોઈએ તો સાવ નોખા પ્રકારની છે. ગાંધીજી પૂર્વ થઈ ગયેલા કૃષ્ણથી માંડીને રામ કૃષ્ણ પરમહંસ સુધી દાર્શનિકોએ પોતાના અનુયાયીઓને અશુભ તત્વોથી બચવા માટે અનેકવિધ મારગ સૂચવ્યા છે.

કૃષ્ણ ક્યારેય કંસ કે શિશુપાળના હૃદય પરિવર્તન માટે ઉપવાસ કરે એની કલ્પના સુધ્ધાં આપણે કરી શકીએ નહીં. ગાંધીજી પોતાની ભૂલ કે એમના અનુયાયીઓથી ભૂલ થાય તો તેના હૃદય પરિવર્તન માટે ઉપવાસનો આશરો લેતા હતાં. જૈન ઉપાસરો અને સ્થાનક લખલૂટ ખરચ કરતા તેમાં કોઈને સાધુ સંતાઓ એની વિરૂધ્ધ ઉપવાસ કરીને પ્રસ્તાવો વ્યક્ત ન કરીને શ્રાવકોએ જાગ્રત કરયો એવી એક બીના બનાવ જૈન ઈતિહાસમાં નજરે જોવા મળતું નહી.


॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

**મહાજનના લાગા**

મુંબઈ મહાજનની હદમાં રહેનાર જ્ઞાતિજનોને જણાવવાનું કે મહાજનના લાગા ભરવા એ આપણી સૌની ફરજ છે. પરંતુ ઘણી વાર મસ્જિદ બંદર પહોંચી શકાતું નથી, ભૂલી જવાય છે અથવા કામકાજમાં વ્યસ્ત હોવાથી સમય નથી મળતો, આવા કારણોસર લાગા ભરવાના રહી જતા હોય છે. તો હવે આ બધી સમસ્યાનું સમાધાન એટલે કે, On Line લાગા ભરવાની વ્યવસ્થા અને એ પણ પાંચ વર્ષના લાગા એક સાથે ભરી શકવાની સુવિધા ઉપલબ્ધ છે.

**"ગુડી પડવા" ના શુભદિને**

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો માટે "ગુડી પડવા" ના શુભદિને મંગળવાર તા. ૯-૦૪-૨૦૨૪ ના બપોરના ૪.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધી મેવાડ કેસરી ભવન, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ) મધ્યે લાગા ભરવા માટે વિશેષ સુવિધા રાખેલ છે. શ્રી ભલારા દાદાની પહેડીમાં પધારેલ જ્ઞાતિજનો લાગા ભરવા ખાસ અનુરોધ કરવામાં આવે છે.

**લાગા કન્વીનર :**
શ્રી દિનેશ રામજી લોડાયા (સાંધવ - મુલુંડ)
મો. 77188 80171 / 93203 27977

**વિશેષ માહિતી તેમજ રસીદ માટે સંપર્ક :**
મહાજન કાર્યાલય – યોગેશ કુરવા
022-4616 5796 / 98927 41414 / 88793 24005

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**


# શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા દરિયાલાલ મંદિરે

## શ્રી દરિયાલાલ જન્મ જયંતિ ચૈત્રીબીજ ઉત્સવનું આયોજન

શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા દરિયાસ્થાન સ્ટ્રીટ વડગાદીના દરિયાલાલ મંદિરે તા. ૧૦ એપ્રિલના બુધવારે રોજે કુળદેવ શ્રી દરિયાલાલજીની ૮૫૧મી જન્મ જયંતિ ચૈત્રીબીજ-ચંદ્ર દર્શન ઉત્સવ ઉજવણીનું આયોજન કરાયું છે.

૧૬૨ વર્ષથી ઝળહળતી અખંડ જ્યોતના પુનિત સાંનિધ્યમાં થનારા ઉત્સવ કાર્યક્રમમાં સવારે ૭.૩૦ કલાકે પ્રાતઃ આરતી, સવારે ૧૦.૦૦ કલાકે ચોપાટી સમુદ્રતટે વિલ્સન કોલેજની સામે દરિયાપૂજન, બપોરે ૧૧.૩૦ કલાકે દરિયાસ્થાન મંદિર દ્વારે પૂજન યાત્રાનું સામૈયું, બપોરે ૧૨.૩૦ કલાકે મધ્યાહન આરતી બપોરે ૧ થી રાત્રે ૮ સુધી દરિયાલાલ દેગ, દડિયા પ્રસાદનું વિતરણ, સાંજે ૭.૩૦ કલાકે સાય આરતી નો કાર્યક્રમ નિર્ધારિત છે.

આ ઉત્સવ પર્વ દિને અખંડ જ્યોતના શુભ શુકનમય દર્શન કરી પુનિત પ્રસાદનો લાભ સમસ્ત લોહાણા જ્ઞાતિજનો, આસ્થાળુ ભાવિક ભક્તજનોને હાર્દિક નિમંત્રણ શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈના પ્રમુખ નીતિન ગોદાવરીબેન ગંગારામ ઠક્કર (પાંધી), ધાર્મિક સમિતિ કન્વીનર : શ્રી દિલીપભાઈ સોમૈયા, શ્રી પંકજભાઈ કારીયા, માનદ્ મંત્રીઓ : પંકજ ઠક્કર (ગણાત્રા), અમિત ઠક્કર (પાંધી) દ્વારા અપાયું છે.

# આ વર્ષે મોન્સૂનમાં પાણી ભરાવાથી લોકોને હેરાનગતિ ન થાય એ માટે મહાનગરપાલિકા ૪૮૧ પમ્પ બેસાડશે

દર વર્ષે મોન્સૂનમાં મુંબઈના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી મુંબઈગરાએ ભારે હેરાન થવું પડે છે. જોકે આ વર્ષે બીએમસીએ એની પૂર્વ તૈયારીઓ કરી લીધી છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી તો ભરાશે જ, પણ એનો તરત નિકાલ થાય એ માટે ત્યાં ૪૮૧ પમ્પ બેસાડવાનું નક્કી કર્યું છે. આ પમ્પ વધારે સક્ષમ હશે અને ભારે પૂર પરિસ્થિતિમાં પણ વાપરી શકાશે એમ બીએમસીએ જણાવ્યું છે.

બીએમસીએ કહ્યું હતું કે 'મુંબઈમાં એની ભૌગોલિક રચનાને કારણે પાણી તો ભરાશે જ, પણ એ પાણીનો જો વહેલી તકે નિકાલ કરાય તો લોકોને ઓછી હેરાનગતિ થાય. એથી નીચાણવાળા ભાગોમાં પમ્પ બેસાડવાનું નક્કી થયું છે. એ પમ્પ પાસે એક ઑપરેટર અને એક હેલ્પર તહેનાત કરાશે અને વૉર્ડ-લેવલ પર વૉર્ડ-ઑફિસર નજર રાખશે.' જો મુંબઈમાં એક કલાકમાં પંચાવ ન એમએમ વરસાદ પડે અને એ વખતે ભરતી હોય તો મુંબઈના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય છે અને જળબંબાકારની પરિસ્થિતિ સર્જાય છે. બીએમસી આ વર્ષે સિટીમાં ૧૮૭, વેસ્ટર્ન સબર્બ્સમાં ૧૬૬ અને ઈસ્ટર્ન સબર્બ્સમાં ૧૨૪ પમ્પ બેસાડવાનું વિચારી રહી છે.

# ચૂંટણીમાં મતદાર કાર્ડ ઉપરાંત બાર અન્ય દસ્તાવેજ માન્ય રહેશે

લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૨૪ તથા વિધાનસભાની પેટાચૂંટણી દરમિયાન મતદાન કરતાં પહેલાં મતદારે મતદાર ફોટો ઓળખકાર્ડ-ઈપીઆઈસી રજૂ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે. ઈપીઆઈસી ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાન માટે અન્ય ૧૨ દસ્તાવેજો પણ માન્ય કરવામાં આવ્યા છે.

આ દસ્તાવેજોમાં આધાર કાર્ડ, મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ, બેંક/પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક, શ્રમ મંત્રાલયની યોજના હેઠળ આપવામાં આવેલ હેલ્થ ઇન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, એન.પી. આર અન્વયે આર.જી.આઈ દ્વારા ઇસ્યુ કરેલ સ્માર્ટ કાર્ડ, ઇન્ડિયન પાસપોર્ટ, ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેંટ, કેન્દ્ર/રાજય સરકાર/ જાહેર ક્ષેત્ર ઉપક્રમો/જાહેર લિમિટેડ કંપનીઓએ કર્મચારીઓને ઇસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, સંસદસભ્યો/ ધારાસભ્યો/વિધાન પરિષદના સભ્યોને ઇસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો અને ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ઇસ્યુ કરેલ Unique Disability ID (UDID) કાર્ડનો સમાવેશ થાય છે.


# ફ્લેટ ખરીદનારાઓની નુકસાની ભરપાઈ કરવા મહારેરાએ ૧૬૦ કરોડ વસૂલ્યા

ઘર ખરીદનારાઓ માટે નુકસાન ભરપાઈ અંતર્ગત ૧૪ મહિનામાં ૧૨૫ કરોડ રૂપિયા વસૂલ કરવામાં મહારેરાને સફળતા મળી છે. સમગ્ર દેશમાં સ્થાવર મિલકત નિયમન સંસ્થામાં આવી વિક્રમી વસૂલી કરનાર મહારેરા એકમાત્ર નિયમન સંસ્થા છે.

મહારેરાએ અત્યાર સુધીમાં ૧૬૦ કરોડ રૂપિયા વસૂલ કર્યા છે. આ વસૂલી વધુ અસરકારક રીતે થાય એ માટે હવે પછી જારી કરવામાં આવનારા પ્રત્યેક વોરંટમાં સંબંધિત ડેવલપરના બેન્કના એકાઉન્ટ નંબરની જાણ કરવાનું મહારેરાએ નક્કી કર્યું છે. આમ કરવાથી જરૂર પડે તો વસૂલી માટે મહેસૂલ વિભાગ સંબંધિત ડેવલપરના બેન્ક એકાઉન્ટ પર ટાંચ મારી શકશે.

મહારેરાએ ગયા વર્ષે જાન્યુઆરી મહિનામાં ઘર ખરીદનારા લોકોને નુકસાન ભરપાઈ માટે વધારાના જિલ્લા કલેક્ટર (નિવૃત્ત)ની નિયુક્તિ કરી હતી. આ અધિકારી સતત સર્વ સંબંધિત જિલ્લા અધિકારી તેમજ અન્ય સંબંધિત અધિકારીઓના સંપર્કમાં રહે છે. મહારેરાએ વસૂલીને સર્વોચ્ચ પ્રાધાન્ય આપ્યું હોવાથી દરેક મિટિંગમાં એની સમીક્ષા કરવામાં આવે છે. એ દરમિયાન જરૂર લાગે ત્યાં નુકસાન ભરપાઈ માટે વસૂલી કરવાની કોશિશ થાય છે. આ પ્રયત્નોને કારણે અત્યાર સુધીમાં ૧૧૭ પ્રોજેક્ટની ૨૩૭ ફરિયાદમાં ૧૫૯.૧ કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા છે.

## ભાવભીની શ્રદ્ધાંજલિ



કચ્છ -ગોધરા

હાલે-મુલુંડ

**સ્વ.દીપક બાબુભાઈ જોઈસર** (ઉ.વ.૬૩)

(ફોટો વિઝન સ્ટુડીયોવાળા)

ઓધવશરણ : તા.૨૯ માર્ચ ૨૦૨૪

રક્તમાં વણાયેલી દિલમાં સમાયેલી
આપની સ્મૃતિ અમ હૈયે ખાસ છે, વિરહની વેદના છે,
છતાં પલપલની હાજરીનો અહેસાસ છે.

જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત એ સનાતન સત્ય હોવા છતાં
કેટલા મૃત્યુ એવા હોય છે જેના ઘાવ રૂઝાતા નથી,
પ્રભુ આપના દિવ્યતમ આત્માને શાશ્વત શાંતિ આપે એજ પ્રાર્થના...

:: શોકાતુર મિત્રો ::

યશવંત અનમ • જયંત છેડા • રવિ અગ્રવાલ

## શ્રી કચ્છી લોહાણા મહાજન-મુંબઈ

હાર્દિક આમંત્રણ



# દરિયાલાલ જન્મ જયંતિ ઉત્સવ

## ચંદ્ર દર્શન – ચૈત્રીબીજ

**સંવત ૨૦૮૦, ચૈત્ર માસ શુક્લ પક્ષ બીજ, ચંદ્ર દર્શન, બુધવાર, તા.૧૦-૪-૨૦૨૪**

સમસ્ત લોહાણા જ્ઞાતિના કુળદેવતા દરિયાલાલ-શ્રી ઝૂલેલાલ, રત્નાકર સાગરદેવ ઉર્ફે ઉડેરાલાલજીની જન્મજયંતિ તા.૧૦ એપ્રિલ ૨૦૨૪ બુધવાર, ચૈત્ર માસ બીજ, ચંદ્ર દર્શન રોજે પરંપરાગત રીતે વડગાદી દરિયાસ્થાન મંદિરે ભક્તિપૂર્વક ઉજવાશે. આ પાવન દિવસે ઐતિહાસિક અખંડ જ્યોત ૧૬૧ વર્ષ પૂર્ણ કરી ૧૬૨ મા વર્ષમાં પ્રવેશશે. સમસ્ત લોહાણા જ્ઞાતિજનો, આસ્થાળુ ભાવિકજનોને અખંડ જ્યોતના શુભ, શુકનમય દર્શન કરી પુનિત પ્રસાદનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે.

-:: કાર્યક્રમ ::-

સવારેઃ ૭.30 કલાકે - પ્રાતઃ આરતી
સવારેઃ ૧૦ કલાકે - દરિયા પૂજન, મુંબઈ ચોપાટી,
સમુદ્ર કિનારે, વિલ્સન કોલેજની સામે, ગીરગામ
બપોરેઃ ૧૧.30 કલાકે - દરિયા સ્થાન મંદિર દ્વારે સામૈયું
બપોરેઃ ૧૨.30 કલાકે - મધ્યાહ્ન આરતી
બપોરેઃ ૧ થી રાત્રે ૮ સુધી - દરિયાલાલ દેગ તથા દડિયા પ્રસાદ
સાંજેઃ ૭.30 કલાકે - સાયં આરતી

સૌને સહ પરિવાર પધારવા નમ્ર વિનંતી

જુકો ચોંધો ઝૂલેલાલ તેંજા થીંધા બેડા પાર

ભવદીય
શ્રી કચ્છી લોહાણા મહાજન - મુંબઈ
પ્રમુખશ્રી,
શ્રી નીતિન ગોદાવરીબેન ગંગારામ ઠક્કર (પાંધી)
ધાર્મિક સમિતિ કન્વીનર
શ્રી દિલીપભાઈ સોમૈયા, શ્રી પંકજભાઈ કારીયા
માનદ્ મંત્રીઓ
પંકજ ઠક્કર (ગણાત્રા), અમિત ઠક્કર (પાંધી)

તા.ક.: આ શુભ પર્વ પ્રસંગે ચોપાટી 'દરિયા પૂજન' માટે અવશ્ય પધારવા વિનંતી

# કિડની અને ડાયાબિટીસઃ તમારા મહત્વપૂર્ણ ફિલ્ટર્સનું રક્ષણ




ડાયાબિટીસ એ એક લાંબો સમય ચાલનારી (ક્રોનિક) સ્થિતિ છે જે કિડની સહિત શરીરના વિવિધ અવયવો પર નોંધપાત્ર અસર કરી શકે છે. લોહીમાં ચયાપચયની ક્રિયા દરમ્યાન ઉત્પન્ન થયેલો નકામો કચરો અને વધારાના પ્રવાહીને ફિલ્ટર કરવામાં કિડની નિર્ણાયક ભૂમિકા ભજવે છે, પરંતુ અનિયંત્રિત ડાયાબિટીસ તેમની નાજુક ફિલ્ટરિંગ સિસ્ટમને નુકસાન પહોંચાડી શકે છે. ચાલો, કિડનીના સ્વાસ્થ્ય અને ડાયાબિટીસ વચ્ચેના જોડાણ અંગે જાણકારી મેળવીએ અને આ મહત્વપૂર્ણ અવયવોને સુરક્ષિત રાખવાની રીતોની ચર્ચા કરીએ.

ડાયાબિટીક કિડની ડિસીઝ (DKD), જેને ડાયાબિટીક નેફ્રોપથી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ડાયાબિટીસમાં થતી સામાન્ય જટિલતા (કોમ્પલિકેશન) છે. લોહીમાં સતત સુગરનું ઊંચું સ્તર અને ઊંચું બ્લડ પ્રેશર સમય જતાં કિડનીની નાની રક્તવાહિનીઓને નુકસાન પહોંચાડે છે. આનાથી કિડનીની કામગીરીમાં ઘટાડો થઈ શકે છે અને કિડની ફેલ થવાનું જોખમ વધી શકે છે.

**કિડનીના સ્વાસ્થ્યની સુરક્ષા માટે**

બ્લડ સુગર લેવલને મેનેજ કરોઃ કિડનીને નુકસાન થતું રોકવા માટે લોહીમાં સુગરના સ્તરને નિયંત્રિત અનેસલામત રેન્જમાં રાખવું જરૂરી છે. નિયમિત ચેક અપ કરાવવું, સંતુલિત આહાર લેવો, ડોક્ટર દ્વારા સૂચિત દવાઓ લેવી અને નિયમિત કસરતને તમારી દિનચર્યામાં સામેલ કરવાથી લોહીમાં સુગરના સ્તરને સ્થિર રાખવામાં મદદ મળી શકે છે.

**બ્લડ પ્રેશરને નિયંત્રિત રાખો :** હાઈ બ્લડ પ્રેશર કિડનીને વધુ નુકસાન પહોંચાડે છે. બ્લડ પ્રેશરની નિયમિત તપાસણી અને જીવનશૈલીમાં ફેરફાર જેમ કે લો-સોડિયમ આહાર, નિયમિત કસરત અને જો જરૂરી હોય તો દવાઓ, બ્લડ પ્રેશરના શ્રેષ્ઠ સ્તરને જાળવવામાં મદદ કરી શકે છે.

**સ્વસ્થ જીવનશૈલી અપનાવો :** સ્વસ્થ જીવનશૈલી અપનાવવાથી કિડનીના સ્વાસ્થ્યનું રક્ષણ થઈ શકે છે. ધૂમ્રપાન ટાળો, આલ્કોહોલનું સેવન મર્યાદિત કરો અને સંતુલિત આહાર અને નિયમિત શારીરિક પ્રવૃત્તિ દ્વારા સ્વસ્થ વજન જાળવી રાખો.

**નિયમિત કિડની ફંક્શન ચેક અપ કરાવો :** કિડનીના નુકસાનના કોઈપણ ચિહ્નોના વહેલાસર નિદાન માટે નિયમિત તપાસ અને કિડની ફંક્શન ચેક અપ મહત્વપૂર્ણ છે. સમયસર નિદાન અને સારવાર કિડની રોગની પ્રગતિને ધીમી કરવામાં મદદ કરી શકે છે.

કિડનીના સ્વાસ્થ્ય અને ડાયાબિટીસ વચ્ચેની કડીને સમજીને અને બંને સ્થિતિઓને મેનેજ કરવા માટે સમયસર સક્રિય પગલાં લેવાથી, તમે કિડનીની જટિલતાઓનું જોખમ ઘટાડી શકો છો.

યાદ રાખો, વહેલું નિદાન, બ્લડ સુગર નિયંત્રણ, બ્લડ પ્રેશર મેનેજમેન્ટ અને તંદુરસ્ત જીવનશૈલી એ તમારા મહત્વપૂર્ણ ફિલ્ટર્સને સુરક્ષિત રાખવા અને આવનારા વર્ષો સુધી કિડનીની તંદુરસ્તી જાળવવાની ચાવી છે.









## મોટનપૌત્રા પરિવારના પૂજ્ય આઈમાઁ ની પહેડી

ભારતભરમાં વસતા મોટનપૌત્રા પરિવારના પૂ.આઈમાઁ, પૂ. ક્ષેત્રપાળદાદા તેમજ સુરાપુરાદાદા ખીમા કેપ્ટનને નમતા પૂજતા સર્વે પરિવાર તરફથી પહેડીનું આયોજન તા. ૧૬ એપ્રિલ મંગળવાર ચૈત્ર સુદ આઠમના શુભ દિને સાંજે ૪.૦૦ કલાકે શ્રી ગુર્જર કડીયા સમાજ હોલ, ગુરૂ ગોવિંદસિંહ રોડ, મુલુંડ કોલોની, મુલુંડ (વેસ્ટ) મધે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે માઁ ગાયત્રી પાઠ, ભજન, ધૂપ-દીપ, આરતી ત્યાર બાદ મહાપ્રસાદનું યોજન કરેલ છે. સર્વે પરિવારજનો પોતાની નિયાણી-બહેન-દીકરી તથા જમાઈ સહ પધારી લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

ગાયત્રી મંડળની બહેનો સાંજે ૪.૦૦ વાગે આવી જવાની હોવાથી પરિવારની બહેન-દીકરીને સમયસર આવી જવા નમ્ર વિનંતી. વધુ વિગત માટે સંપર્ક કીર્તિભાઈ-૯૦૦૪૬૪૨૦૧૧, વિરલભાઈ-૯૩૨૦૪૩૦૬૯૦, હિતેશભાઈ-૯૮૧૯૮૯૩૮૨૪.

Follow us on
/gurjarmat
Website :
www.gurjarmat.com
9322257731

# ઘાટકોપરમાં કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પનું આયોજન

તા.૬ એપ્રિલ ગુરૂવાર સવારે ૧૦ થી સાંજે ૪ કલાક દરમ્યાન અનંત છાયા, આર.બી.મહેતા માર્ગ, ઘાટકોપર (પૂર્વ) સ્થળે રાયચંદભાઈ ધરમશી અને કિરીટભાઈ લાપસીયા સંચાલિત કિડની અને હાડકા રોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. કેમ્પમાં નિષ્ણાંત સર્જન ડૉ. રાજેશ ઠક્કર પોતાની સેવા આપશે. કેમ્પનો લાભ લેવા અગાઉથી નામ રજિસ્ટ્રેશન કરવું જરૂરી છે. સંપર્ક શ્વેતા લાલકા-૯૮૧૯૯૮૫૬૫૩

# ઈશાન મુંબઈ લોકસભા બેઠક માટે

## ઉમેદવારી ફોર્મ ભરવાનો જાહેર થયેલો કાર્યક્રમ

મુલુંડથી ઘાટકોપર તેમજ માનખુર્દ-ગોવંડી સુધી ફેલાયેલા ઈશાન મુંબઈ લોકસભા બેઠક માટે સોમવાર, તા.૨૦ મેના રોજ મતદાન થશે. ઈશાન મુંબઈ બેઠક માટે તા.૨૬ એપ્રિલથી ઉમેદવારી ફોર્મ ભરવાનું શરૂ થશે. તા.૩ મે ૨૦૨૪ સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે. ચાર મેના રોજ ઉમેદવારી ફોર્મની ચકાસણી થશે. ઉમેદવારી પાછી ખેંચવાનો છેલ્લો દિવસ તા.૬ મે રહેશે. ૨૦ મેના મતદાન અને ચાર જૂનના મત ગણત્રી સાથે પરિણામ જાહેર થશે. ઈશાન મુંબઈ લોકસભા બેઠક માટે આશરે ૧૮ લાખ મતદારો છે. ઈશાન મુંબઈ બેઠક માટે ભાજપએ મુલુંડના વિધાનસભ્ય મિહિર કોટેચાના નામની જાહેરાત કરી છે, જ્યારે શિવસેનાએ માજી સાંસદ સંજય દિના બામા પાટિલને ઉમેદવાર જાહેર કર્યા છે.

# જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડનું ૪૨મા વર્ષમાં શાનદાર પ્રવેશ

વર્ષ ૨૦૨૩-૨૪ મા દરેક સભ્યો મિત્રોએ સુંદર અને નીતનવા કાર્યક્રમ ખૂબ માણ્યા અને એની માટે JSGIF તરફથી ગ્રુપને પણ લગાતાર ત્રણવાર ગોલ્ડ મેડલથી નવાજવામાં આવેલ છે અને તેની સરાહના રૂપે આ વખતે ડાયમંડ પીન પણ એનાયત કરવામાં આવી છે.

આવા મુલુંડના એકમાત્ર વિશ્વ વિખ્યાત ગૌરવવંતુ ગ્રુપ જેનું ભારતભરમાં ૪૩૫ થી પણ વધારે અને મુંબઈના ૩૫ ગ્રુપોમાંથી અવ્વલ નંબરે પ્રોગ્રામ આપતું એકમાત્ર ગ્રુપ એટલે કે જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ.

આ વર્ષનો પ્રથમ પ્રોગ્રામ ગુડી પડવાના દિવસે મંગળવાર તા.૯ એપ્રિલ સાંજે ૬ થી ૯.૩૦ કલાકે હોટલ ટીપટોપ પ્લાઝા ખાતે 'ગેટ ટુ ગેધર વીથ ડીનર' રાખેલ છે.

નોંધ : જે નવા મેમ્બર વર્ષ ૨૦૨૪-૨૫ માં જોડાયા છે. તેઓ પોતાની સભ્યપદ રસીદ સાથે લાવવાનું ચૂકશો નહીં.

(આ પ્રોગ્રામ ટ્રાન્સફરેબલ નથી તેની નોંધ લેવી)

વહેલા તે પહેલાના ધોરણે ફીક્સ સીટ સાથે નવા મેમ્બર્સ આવકાર્ય છે. આ વર્ષે ખૂબજ સારો પ્રતિસાદ મળવાથી અમે બાલ્કનીની પણ બુકીંગ કરી રહ્યા છીએ.

સંપર્ક : પ્રમુખ-જયંતીલાલ મૈશેરી-૯૮૧૯૭૪૮૨૫૦, માનદ્‌મંત્રી-દિલીપભાઈ શેઠ-૯૮૨૦૬૯૬૮૪૮, ડિમ્પલબેન કોરડિઆ-૯૮૬૯૬૬૦૨૯૦

#### ગંદા પાણી પર પ્રક્રિયા કરતાં ડિસેલિનેશન પ્રોજેક્ટને કારણે

# મુંબઈગરાને મળશે વધારાનું પાણી

મુંબઈ શહેરનો પાણીપુરવઠો સંપૂર્ણપણે ચોમાસા પર આધાર રાખતો હોય છે. મુંબઈને સાત જળાશયોમાંથી પ્રતિદિન ૩,૮૫૦ મિલિયન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે. વધતી જતી વસતી સામે વધતી પાણીની માગને પહોંચી વળવા અને ચોમાસા પરની નિર્ભરતા ઓછી કરવા માટે મુંબઈ મહાનગરપાલિકા આગામી વર્ષમાં અનેક પ્રોજેક્ટ હાથ ધરવાની છે, જેમાં સૌથી મહત્ત્વનો દરિયાના ખારા પાણી પર પ્રક્રિયા કરવાના ડિસેલિનેશન પ્રોજેક્ટ પર ઝડપથી કામ કરી રહી છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં તે માટે ૩૫૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

મનપા પ્રાયોગિક ધોરણે કોલાબા ખાતે ગંદા પાણી પર પ્રક્રિયા કરીને તેને પીવા સિવાયના અન્ય ઉપયોગ માટે વાપરવા યોગ્ય બનાવવાનો પ્લાન્ટ ચાલુ કરવાની છે. ચોમાસા દરમિયાન વિહાર તળાવમાંથી છલકાઈને વહી જતા પાણીને ભાંડુપ કોમ્પલેક્સ તરફ વાળીને તેને પીવા યોગ્ય બનાવવા માટે ૨૦૦ એમએલડી ક્ષમતાનો પંપિંગ સ્ટેશન બનાવવાની છે. આ પ્રોજેક્ટ માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં ૨,૪૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

# શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ - માટુંગા દ્વારા શ્રી દરિયાલાલની ૮૫૧મી જન્મજયંતિ-ચૈત્રીબીજ ઉત્સવ ઉજવણીનું આયોજન

શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગાના ઉપક્રમે પરંપરાગત રીતે દર વર્ષની જેમ આ વર્ષે જ્ઞાતિકુળદેવ શ્રી દરિયાલાલજીની ૮૫૧મી જન્મજયંતિ ચૈત્રીબીજ, ચંદ્રદર્શન ઉત્સવ તા.૧૦ એપ્રિલ ૨૦૨૪ બુધવાર રોજે રામબાગ પટાંગણ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (પૂર્વ) સે.રે.સ્થળે ભાવભક્તિપૂર્વક ઉજવાશે.

ઉત્સવ પર્વ દિને બપોરે ૩.૩૦ કલાકે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક સ્થાપના, પૂજા અર્ચના, બપોરે ૪.૩૦ કલાકે આરતી અને સાંજે ૬.૩૦ કલાકથી રાત્રે ૯.૩૦ સુધી દરિયાલાલ દેગનો મહાપ્રસાદનું વિતરણ કરાશે. સમસ્ત જ્ઞાતિજનો તથા મંડળના લાભાર્થી પરિવારજનોને આ દિવ્યત્તમ ઉત્સવ પર્વ દિને દર્શન અને દેગ પ્રસાદનો લાભ લેવા સહ પરિવાર પધારવાનું ભાવભર્યું આમંત્રણ ટ્રસ્ટ મંડળ તથા સમસ્ત કારોબારી સમિતિ તરફથી છે.

તદ્‌ઉપરાંત મંડળ દ્વારા જરૂરિયાતવાળા કચ્છી લોહાણા જ્ઞાતિ પરિવારોને દિવાળી તહેવાર તેમજ વર્ષ દરમ્યાન સમયાંતરે આર્થિક સહાય ભેટ અપાય છે. જે માટે મંડળ દ્વારા ઈસ્યુ કારયેલ પર્મેનન્ટ આઈ કાર્ડ હોવું જરૂરી છે. દેશના વિવિધ વિસ્તારોમાં વસતા જ્ઞાતિ પરિવારો જેમણે આઈ કાર્ડ હજુ સુધી ન બનાવ્યા હોય તેમણે તા.૩૦ એપ્રિલ ૨૦૨૪ સુધી પરિવાર વડીલના ૩ ફોટો, રેશકાર્ડ તથા આધાર કાર્ડની ઝેરોક્સ નકલ કાર્યાલયમાં પહોંચાડવી જેથી વહેલી તકે પર્મેનન્ટ આઈ કાર્ડ તૈયાર કરાવી શકાય. હવે નવા કાર્ડ બનાવવાની યોજના અંતિમ તબક્કામાં હોવાથી વહેલો તે પહેલાનો ધોરણે જૂજ નામ સ્વીકારાશે. તો બનતી ત્વરાએ આર્થિક સહાય ભેટ વિતરણના પર્મેનન્ટ આઈ કાર્ડ બનાવવા માટે પ્રોસીજર પૂરી કરી લેવી. વધુ વિગત માટે સંપર્ક મો.નં. ૮૮૭૯૮૧૧૦૫૦ અથવા મો.નં.૯૭૦૨૮૮૫૦૯૫ ઉપર કરવો.

# શ્રી કચ્છી લોહાણા સમાજ ઘાટકોપર દ્વારા દરિયાલાલ જયંતિ ઉત્સવનું આયોજન

શ્રી કચ્છી લોહાણા સમાજ ઘાટકોપર દ્વારા દરિયાલાલ જયંતિ ઉત્સવનું આયોજન ચૈત્ર સુદ ૨, બુધવાર તા. ૧૦ એપ્રિલના રોજ રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (પૂર્વ) ખાતે કરવામાં આવ્યું છે. કાર્યક્રમની રૂપરેખા પ્રમાણે પૂજા અર્ચના સાંજે ૬૦૦ કલાકે પ્રારંભ થશે, ત્યારબાદ આરતી અને મહાપ્રસાદ. ધાર્મિક ઉત્સવ સાથે સામાજીક ઉદ્દેશને ધ્યાનમાં લઈ સંસ્થાએ રક્તદાન શિબિરનું પણ આયોજન કરેલ છે.

રક્તદાન શિબિર સ્થળ રૂઈયા હૉલ, રાષ્ટ્રીય શાળા, પહેલે માળે, ઉપાશ્રય લેન, ઘાટકોપર (પૂર્વ). ધાર્મિક અને સામાજિક કાર્યક્રમમાં સહભાગી થવા સમાજ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# ઘાટકોપર ભટવાડી સ્થિત જલારામ મંદિરમાં ચૈત્ર માસના ઉત્સવ કાર્યક્રમો

ઘાટકોપર વેસ્ટ બર્વેનગર ભટવાડી વિસ્તારના શ્રી જલારામ મંદિરમાં પવિત્ર ચૈત્ર નવરાત્રી નિમિત્તે નવ દિવસ રોજ સવારના ૮.૦૦ કલાકે શ્રી જલારામ બાપાની સાથે માઁ ગાયત્રીની દિવ્યતમ આરતી સ્તુતિ પાઠ કરવામાં આવશે તેમજ બપોરે ૩ કલાકે શ્રી જલારામ મહિલા મંડળ ભટવાડીના સથવારે વિવિધ મહિલા મંડળો દ્વારા શ્રી ગાયત્રી પાઠ અને ભજન કીર્તનની રમઝટ જામશે.

બુધવાર તા. ૧૦ એપ્રિલના રોજ શ્રી દરિયાલાલ દેવની જન્મ જયંતી ઉત્સવના શુભ અવસરે સવારના ૮ કલાકે જલારામબાપા દરિયાલાલ દેવ અને માઁ ગાયત્રીની આરતી સ્તુતિ પાઠ કરાશે. સવારના ૧૧ કલાકે માતુશ્રી સરસ્વતીબેન મોહનલાલ ઠક્કર પરિવાર (કચ્છ ગામ વરલી) હાલે ઘાટકોપરવાળાના શુભ હસ્તે શ્રી દરિયાલાલ દેવની પૂજા અર્ચના તેમજ મંદિરના શિખર ઉપર ધજા ચડાવવામાં આવશે. ત્યાર પછી આરતી સ્તુતિ અને ચાલીસા પાઠ કરાશે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવેલ છે. શુક્રવાર તા. ૧૨ એપ્રિલના રોજ સદ્‌ગુરૂ સંત શ્રી વાલરામ જયંતિના પાવન પ્રસંગે સવારે ૮.૦૦ કલાકે દિવ્યતમ આરતી, સ્તુતિ પાઠ બપોરના ૩.૩૦ કલાકે વિવિધ મહિલા મંડળ દ્વારા ગાયત્રી પાઠ, ભજન કીર્તન, સંધ્યાપાઠ તેમજ શ્રી વાલરામ ચાલીસા પાઠ ત્યાર પછી સંધ્યા આરતી અને મહાપ્રસાદનું આયોજન કરેલ છે. બુધવાર તા. ૧૭ એપ્રિલના રોજ રામનવમીના શુભ અવસરે સવારે ૮ કલાકે આરતી સ્તુતિ પાઠ ૯.૧૫ કલાકે, શ્રી ગાયત્રી પરિવાર મુંબઈના ભક્તો દ્વારા શ્રી ગાયત્રી મહાયજ્ઞ બપોરના ૧૨.૩૦ કલાકે, શ્રી રામ જન્મ તેમજ સદ્‌ગુરૂ સંત શ્રી ઓધવરામ મહારાજનો જન્મ ઉત્સવ અતિ ઉત્સાહથી ઉજવવામાં આવશે. આ સર્વે ઉત્સવોમાં ભાગ લેવા પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

## હરીશ ખોંભડીયા પ્રસ્તુત

## ઈર્શાદ ગઝલ કોર્નર...

### સંકોચ રાખે છે..



મળ્યું છે જ્યારથી ખાલીપણું, સંકોચ રાખે છે
ટકોરા ઝીલવામાં બારણું સંકોચ રાખે છે
ખબર નહીં બ્હાર ને ભીતર છે એના કામધંધા શું?
ગલી સ્વાગત કરે ને આંગણું સંકોચ રાખે છે
બચાવું હાથ અગ્નિથી તો અગ્નિ ચૂમવા આવે
ને સેકુ હાથ ત્યારે તાપણું સંકોચ રાખે છે
સમજદારીનો જ્યારે થાય ટૂંકા ઓરડામાં જન્મ,
ખૂલીને ઝૂલવામાં પારણું સંકોચ રાખે છે
રહે છે આ જ કારણથી અધૂરું કંઈકનું ઘડતર,
અમુક પથ્થરને જોઈ ટાંકણું સંકોચ રાખે છે
મિલાવું હાથ તો ભેટી પડે છે હસ્તરેખાઓ
પરંતુ હાથમાંનું છૂંદણું, સંકોચ રાખે છે
બધું સારું જ છે એવું કહીને છેતરો છો પણ-
જખમ સંતાડવામાં ઓઢણું સંકોચ રાખે છે.

ભાવિન ગોપાણી

સંકલન :હરીશ ખોંભડીયા

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

|| જયશ્રી ભલારા દાદાય નમ: ||



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર



લાલપુર, જિ. જામનગર – ૩૬૧ ૧૭૦. ફોન : ૦૨૮૯૫–૨૭૩૩૪૮
**મુંબઈ ઓફીસ :** યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦૧૧,
યુનિર્વસલ મેજેસ્ટીક, ઘાટકોપર માનખુર્દ લિંક રોડ સામે, ચેબુર (વે), મુંબઈ – ૮૮. ફોન : (૦૨૨) ૬૧૫૫૯૯૯૯

**શ્રી ભલારાદાદાની ૩૪મી સમુહ પહેડી ચૈત્ર સુદ ૧ને ગુડીપાડવા મંગળવાર તા.૯-૪-૨૦૨૪ના મેવાડ કેસરી ભવન, એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ - ૪૦૦ ૦૭૮ ફક્ત દડિયા પ્રસાદ રાખેલ છે. ચેતના હરિયા અને સાથી કલાકારો ભક્તિ સંગીતની રમઝટ બોલાશે. સર્વ ભાવિકોને પહેડી પ્રસાદ અને દર્શન વંદનનો લાભ લેવા વિનંતી.**

**પહેડી પ્રસાદના મુખ્ય લાભાર્થી પરિવાર**

**માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લધુભાઈ લાપસીયા પરિવાર (રવા-ચેંબુર)**

**માતુશ્રી પુષ્પાબેન દામજી આણંદજી લોડાયા પરિવાર (બાંડીયા-ભાંડુપ)**
**(5 સ્ટાર કેટરિંગવાળા)**

## -: પહેડીના કાર્યક્રમની રુપરેખા :-

**સાંજે ૫.૦૦ વાગ્યાથી શ્રી ભલારાદાદાની તેમજ કુંભ સ્થાપના**

**સાંજના ૫.૧૫ થી ૫.૪૫ સુધી : શ્રી ભલારાદાદાની પહેડી જુહારવી**
**(સહકુટુંબ સમુહ પહેડીના લાભાર્થી પરિવારોને વાજતે-ગાજતે પહેડી જુહારવાનો લાભ મળશે)**

**સાંજના ૬.૦૦ કલાક : શ્રી ભલારાદાદાની પ્રથમ આરતી**

**સાંજના ૬.૧૫ કલાકથી : શ્રી ભલારાદાદાના દર્શન અને દડિયા પ્રસાદ**

**રાત્રે ૮.૩૦ કલાકે : મંગલ આરતી**

**વેલેટ પાર્કિંગ તથા યુટ્યૂબ લાઈવ રીલેની વ્યવસ્થા કરવામાં આવશે.**

## લાલપુર સ્થાને ધ્વજા મહોત્સવ

શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમના તા.૨૧,૨૨ અને ૨૩ એપ્રિલ ૨૦૨૪ના ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

ધ્વજા મહોત્સવ દરમ્યાન ભોજનના લાભાર્થી પરિવાર
માતુશ્રી રાજબાઈ પદમશી મોતા કુવાપધ્ધર–હૈદ્રાબાદ હસ્તે જયશ્રીબેન ભરતભાઈ મોતા અને માતુશ્રી વિજયાબેન કુંવરજી લોડાયા પરિવાર, રાપરગઢવાળી–ભાંડુપ

લાલપુર સ્થાનકમાં થતી પૂજા માટેના વાર્ષિક નકરાઓ નીચે પ્રમાણે વહેલો તે પહેલોના ધોરણે લાભ અપાશે.
**પક્ષાલ પૂજાના રૂા.૧,૦૦,૦૦૦/-, તિલક પૂજા રૂા.૧,૦૦,૦૦૦/-, અખંડ દીપ રૂા.૧,૨૫,૦૦૦/-**
**ધૂપ આરતી રૂા.૧,૦૦,૦૦૦/-, પહેડી પ્રસાદ રૂા.૧,૨૫,૦૦૦/-, આરતી રૂા.૧,૨૫,૦૦૦/-,**
**શુક્રવારની પ્રસાદી રૂા.૧,૨૫,૦૦૦/-, ક્ષેત્રપાળ દાદા રૂા.૧,૨૫,૦૦૦/- નવગ્રહ પૂજા રૂા.૧,૨૫,૦૦૦/-**

વધુ વિગત માટે સંપર્ક : **સંપર્ક : કુલીન લોડાયા-૯૮૨૦૮૬૯૭૦૮**

**શ્રી ભલારાદાદા ટ્રસ્ટ–લાલપુર સર્વે ટ્રસ્ટીઓ વતીથી**

# પ્રભાબેન પોપટ આયોજિત ધ વોઈસ ઓફ ઈન્ડિયનનો સંગીત મઢયો કાર્યક્રમ હર્ષોલ્લાસભેર સંપન્ન થયો



શુક્રવાર, તા. ૨૯ માર્ચ ૨૦૨૪ ના રોજ સાંજે ચાર કલાકે ગોપુરમ હોલ જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં મુલુંડ વેસ્ટ ખાતે ધ વોઇસ ઓફ ઇન્ડિયન પ્રકાશ ચંદે અને ઉમેશ વીંછીના સથવારે સંગીત મઢયા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના આયોજક શ્રીમતી પ્રભાબેન પોપટ, શ્રીમતી પ્રીતિબેન ઠક્કર, શ્રીમતી કૌમુદીબેન ચિનાઈ, શ્રીમતી દેવીન્દ્રાબેન ઠક્કર અને શ્રીમતી સુનંદાબેન મુલાણી હતા. કાર્યક્રમ ફક્ત આમંત્રિત બહેનો માટે જ રાખવામાં આવ્યો હતો. દરેક બહેનો, સ્નેહીજનો, પરિવારજનો સારી એવી સંખ્યામાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આખા કાર્યક્રમના સ્પોન્સર શ્રીમતી પ્રભાબેન પોપટ હતા. The voice of indianના પ્રકાશ ચંદે અને ઉમેશ વીંછી તેમજ તેમની ટીમે હિન્દી જૂના ગીતો અને ગરબાની એવી સરસ રમઝટ જમાવી હતી કે બહેનો ગરબા રમવા પોતાને રોકી શક્યા ન હતા અને હિન્દી ગીતોની સાથે સાથે બહેનોએ ગરબા રમવાનો આનંદ પણ મન મૂકીને માણ્યો હતો. આયોજકના આમંત્રણને માન આપીને પૂર્વ નગરસેવિકા સમિતા કાંબલે, અનુસુયાબેન શાહ, સંધ્યાબેન ભીન્ડે વગેરેએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. પ્રીતિબેન કુલીન પોપટ કાર્યક્રમ માટે ખાસ પુનાથી પધાર્યા હતા.

કાર્યક્રમના અંતમાં પ્રભાબેન પોપટએ કાર્યક્રમમાં પધારેલ સર્વેનો તેમજ ધ વોઇસ ઓફ ઇન્ડિયન ટીમના મેમ્બરોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે મારા પ્રત્યેક આયોજનોમાં કૌમુદીબેન ચીનાઈનો મોટો ફાળો હોય છે. આ આયોજનમાં પણ વિશેષ સહકાર છે. હમેશા અમારા કાર્યોમાં સાથે જ હોય છે. પણ સામે નથી આવતા બહોળી સંખ્યામાં બહેનો આવ્યા છે. તેથી આનંદ થયો છે. પ્રત્યેક બેને કહ્યું હતું કે આવા ગીતોના કાર્યક્રમો રાખવા જોઈએ. સામાજીક ક્ષેત્રે, સેવા ક્ષેત્રે કાર્ય કરનારા બેનો પણ આવ્યા હતા. જેઓ અનન્ય ક્ષેત્રે સેવા આપી જ રહ્યા છે. એવા અગ્રણીબેનો પણ આવ્યા હતા. પ્રભાબેને કહ્યું હતું કે વોઈસ ઓફ ઈન્ડિયાના પ્રકાશ ચંદે એ પણ સૌજન્ય કાર્યક્રમ રજૂ કર્યો હતો. સર્વે ગાયકો-ગાયિકાઓએ ઉત્તમ પ્રકારની રજૂઆત કરી હતી.

મારી સ્કુલના આરાધના પલણ અને દિવ્યા ઠક્કરે પણ સારી મહેનત કરી હતી. એમને પણ અભિનંદન આપું છું.

# મુલુંડ યોગી હિલ્સ પરિસરમાં ભટકતા શ્વાનોના ત્રાસથી રહેવાસીઓ પરેશાન



મુલુંડ વેસ્ટના યોગી હિલ્સ પરિસરમાં છેલ્લા ઘણા સમયથી ભટકતા કૂતરાના ત્રાસથી વિવિધ સોસાયટી રહેવાસીઓ ત્રસ્ત છે.

ગત બુધવાર તા.૨૭ માર્ચના અત્રેની સોસાયટીની ગર્ભવતી મહિલા જે પોતાના ગંતવ્ય સ્થાન તરફ બેફિકરાઈથી જઈ રહી હતી ત્યારે પાછળથી રખડતા શ્વાન અચાનક હુમલો કરતા તે હેબતાઈને ઊંધા મોઢે પડી ગઈ હતી. આ ઘટનાથી વિવિધ સોસાયટીના રહેવાસીઓ આ ત્રાસમાંથી ઉગારવા મહાનગર પાલિકા અધિકારી જલ્દીથી ઉપાય યોજના કરે એવી માંગ કરી રહ્યાં છે. જોઈએ હવે ક્યારે અધિકારીઓ પોતાની નિદ્રામાંથી જાગે છે.

# પાઘડી ભાડૂતો નિરાધાર: રાજ્ય સરકાર કોર્ટમાં બચાવ કરવામાં નિષ્ફળ

એપ્રિલના મધ્યમાં સુપ્રીમ કોર્ટની નવી ન્યાયાધીશોની બંધારણીય ખંડપીઠ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવનાર પ્રોપર્ટી ઓનર્સ એસોસિએશન સામેના નિર્ણાયક કેસમાં રાજ્ય સરકારની નિષ્ક્રિયતાને કારણે લાખો પાઘડી ભાડૂતો તેમના ભાડૂઆતના અધિકારો વિશે ચિંતિત છે. દરમિયાનગીરી કરવામાં સરકારની નિષ્ફળતાને લીધે, મહારાષ્ટ્ર રેન્ટ કંટ્રોલ એક્ટને રદબાતલ કરવાનો ભય વધી રહ્યો છે, જે સંભવિત રીતે મકાનમાલિકોને બજાર દર લાદવાની અથવા પાઘડી ભાડૂતોને બહાર કાઢવાની મંજૂરી આપે છે. રાજ્ય સરકારની કાર્યવાહી કરવાની કથિત અનિચ્છા અને રાજ્યવ્યાપી પાઘડી ભાડૂતો માટે તેના સંભવિત પરિણામોની ચિંતાઓને દૂર કરવા માટે, પાઘડી ટેનન્ટ્સ એક્શન કમિટીએ મહારાષ્ટ્ર વિધાન સભાના સ્પીકર રાહુલ નાર્વેકર સાથે ચર્ચા કરી હતી.

મૂળ ભાડૂતો દ્વારા પ્રવર્તમાન બજાર દરો પર ચૂકવાતી પાઘડીની રકમને અવગણીને, મકાનમાલિકો મહારાષ્ટ્ર રેન્ટ કંટ્રોલ એક્ટ હેઠળ ભાડા નિયમનમાં રાજ્ય સરકારની સત્તા સામે લડવા માટે મિલકતના તેમના બંધારણીય અધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. તેઓએ ૧૯૮૬ના મ્હાડા કાયદાને પણ પડકાર્યો છે જે ૧૦૦ મહિનાના ભાડાની સમકક્ષ એક સામટી રકમ ૧ સાથે મકાનમાલિકોને વળતર આપીને ૧૯૪૦ પહેલાની ઉપકરવાળી ઇમારતોના સંપાદનની પરવાનગી આપે છે. આ મામલાની તાકીદ હોવા છતાં, મહારાષ્ટ્ર સરકારે હજુ સુધી આ કેસમાં તેની રજૂઆતો દાખલ કરવાની બાકી છે, જેની અંતિમ તારીખ ૪ ડિસેમ્બર, ૨૦૨૩ હતી. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સુપ્રીમ કોર્ટે નવ ન્યાયાધીશોની બેન્ચની સ્થાપના કરવાનો નિર્ણય લીધો ત્યારથી, પ્રયાસો ચાલુ છે. ઉપકરવાળી ઇમારતો અને મહારાષ્ટ્ર ભાડા નિયંત્રણ અધિનિયમ અંગેના પોતાના જ કાયદાકીય પગલાંનો બચાવ કરવા માટે સરકારને સમજાવવા માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.

પાઘડી ટેનન્ટ્સ એક્શન કમિટીનું પ્રતિનિધિત્વ કરી રહેલા એડવોકેટ પ્રેરક ચૌધરીએ જણાવ્યું હતું કે,રાજ્ય મુખ્ય પ્રતિવાદી હોવાથી, અમે તેને સર્વોચ્ચ અદાલતને પ્રભાવિત કરવા પગલાં લેવા વિનંતી કરીએ છીએ કે કાયદો બંધારણના માળખામાં છે. ભાડા નિયંત્રણ કાયદાથી ૩૦ લાખથી વધુ લોકો પ્રભાવિત છે, જેમાંથી મોટાભાગના લોકોએ પાઘડી ચૂકવી છે. જમીનમાલિકો પાઘડીની હકીકતને નકારે તે વાજબી નથી. અમને વિશ્વાસ છે કે રાજ્ય સરકાર તેનું કામ કરશે





ગુર્જરમાત ફન ક્લબ
વિદ્યાર્થીઓ માટે ખાસ ઓફર
કોઈપણ નોટબુક
72 પેજ, 140 પેજ અને 172 પેજીસ
એક ડઝન પર
એક ડઝન ફ્રી
BUY ONE
GET ONE
FREE
A-4 બુક
A-5 બુક
લોંગ બુક
જમ્બો બુક
B-3, Krishna Kunj, Valji Laddha Road,
Near Vikas Palazo & HDFC Bank, Mulund (West).
Contact : 98690 05403 / 93222 57731


BFF
बॉम्बे फूड फॉरएवर
Specialized in Bombay Street Food
Jain Menu Available
WE ALSO TAKE CATERING ORDERS
PavBhaji
Sandwich
Dosa
Chat
Pizza
Juice
Address:
Shop No.3&4 Jay Commercial Plaza Opp Nagrik Dryfruits
SL Road MG Road Junction Mulund West
Ph:7738657888


ઈશાન્ય મુંબઈ જીલ્લા કૉંગ્રેસ કમીટી
(ગુજરાતી સેલ)
શ્રી. રાજીવ પંડયા
જીલ્લા કૉંગ્રેસ અધ્યક્ષ પદે
નિયુક્તિ બદલ
હાર્દિક અભીનંદન
શ્રી. કેતન શાહ
રાજીવ પંડયા
સુનીલ ગંગવાની
શુભેચ્છુક: હંસયુવા પ્રતિષ્ઠાન, યુવા બ્રિગેડ એસોસિયેશન